અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૭ ઓક્ટોબર ૨૦૨૫, મંગળવાર વિક્રમ સંવત ૨૦૮૧, આસો સુદ ૧૪, વર્ષ : ૧૭, અંક : ૯૮, તંત્રી : પટેલ સુરેશ રમણલાલ, અમદાવાદ, કિંમત : રૂા. ૨.૦૦, પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886





## ન્યૂઝ બ્રિફ

### રાજકોટ જિલ્લાના બે ટોલ પ્લાઝાએ ટોલ દરમાં કર્યો ઘટાડો

। (એજન્સી) રાજકોટ, તા.૬ ।

રાજકોટ જિલ્લાના વાહનચાલકો માટે એક રાહતના સમાચાર છે. જિલ્લાના બે મુખ્ય ટોલ પ્લાઝા – પીઠડીયા અને ભરૂડી ખાતે હેવી વાહનોના ટોલ દરોમાં ઘટાડો કરવામાં આવ્યો છે. નેશનલ હાઈવે ઓથોરિટી (NHAI) દ્વારા જાહેર કરાયેલી જાહેરાત મુજબ, આ ઘટાડો ૧ ઓક્ટોબરથી લાગુ કરવામાં આવ્યો છે. આ ઘટાડો ખાસ કરીને મોટા અને કોમર્શિયલ વાહનોને ધ્યાનમાં રાખીને કરાયો છે. બસ, ટ્રક, મીની બસ અને થ્રી-એક્શેલ કોમર્શિયલ વાહનોના ટોલ દરમાં ૫ (પાંચ રૂપિયા) નો ઘટાડો કરવામાં આવ્યો છે. આ ઘટાડાથી કોમર્શિયલ વાહનચાલકોને થોડી આર્થિક રાહત મળશે.

### અમદાવાદમાં મફત પિત્ઝા માટે થઈ પડાપડી!, ઓફર જોઈને પિત્ઝા લવર્સ તૂટી પડ્યા

। (એજન્સી) અમદાવાદ,તા.૬ ।

અમદાવાદીઓમા પિત્ઝાનો શોખ કેવો છે તે આ વીડિયો પરથી તમને ખ્યાલ આવી જશે. અમદાવાદના પ્રહલાદ નગર વિસ્તારમાં એક આઉટલેટના ઓપનિંગ સમયે મફત પિત્ઝાની જાહેરાત કરવામાં આવી હતી. ત્યારે રવિવારે મફત પિત્ઝા ખાવા માટે લોકોની લાઈનો પડી હતી. ભીડ એટલી હદે વધી છે કે, પોલીસ આવી પહોંચી હતી.

અમદાવાદના પ્રહલાદ નગર વિસ્તારમાં એક પિત્ઝા આઉટલેટ દ્વારા રવિવારે મફત પિત્ઝાની જાહેરાત કરવામાં આવી હતી. મફત પિત્ઝા અંગેના મેસેજ સોશિયલ મીડિયા પર વાયરલ કરવામાં આવ્યા હતા. જેને કારણે રવિવારે મોટી સંખ્યામાં પિત્ઝા આઉટલેટ પર ફ્રી પિત્ઝા લેવા માટે લોકો પહોંચી ગયા હતા. ખાનગી કંપનીના આઉટલેટના ઓનરે સ્ટોર ઓપનીંગના દિવસે મફત પિત્ઝાની જાહેરાત કરી હતી. સોશિયલ મીડિયા પર રીલ મુકી મફત પિત્ઝાની જાહેરાત કરવામાં આવી હતી. સોશિયલ મીડિયાની રીલના પગલે સેંકડો લોકો મફત પિત્ઝા લેવા માટે ઉમટી પડ્યા હતા. પિત્ધા લેવા માટે લોકોએ રાશન કાર્ડ જેવી લાંબી લાઈનો લગાવી હતી. મફત પિત્ઝાની જાહેરાત થતાં જ લોકો દૂર-દૂરથી ઉમટી પડ્યા હતા. આઉટલેટના માલિકે બપોરે ૧૨ થી ૨ સુધી મફત પિત્ઝા આપવાની ઓફર મૂકી હતી. બે કલાકમાં ૧૫૦૦ પિત્ઝા મફત આપવાનું આયોજન હતું. જોકે માત્ર એકજ કલાકમાં મફત પિત્ઝાનો ટાર્ગેટ પૂર્ણ થયો હતો. બાકી રહેલા લોકોને બે વાગ્યા સુધી પિત્ઝા આપવાનું આયોજન કરાયું છે. જોકે, મફત પિત્ઝા માટે સવારથી જ લોકો લાઈન લગાવીને ઉભા હતા.

# જે ગામમાં નુકસાનનું પૂરું વળતર ન મળ્યું હોય ત્યાં ભાજપનો પ્રવેશ બંધ કરી દો

## ઓગડ તાલુકાના થરામાં યોજાયેલી આ સભામાં ધારાસભ્ય ગેનીબેન ઠાકોરે પણ ભાજપ સરકાર પર પ્રહારો કર્યા હતા

। બનાસકાંઠા, તા.૬ ।

બનાસકાંઠા જિલ્લાના ઓગડ તાલુકાના થરા ખાતે કોંગ્રેસ દ્વારા જન આક્રોશ સભા નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સભામાં કોંગ્રેસના નેતાઓ જગદીશ ઠાકોર અને ગેનીબેન ઠાકોરે ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા અને સ્થાનિક મુદ્દાઓ તેમજ ભ્રષ્ટાચારને લઈને સરકારને ઘેરી હતી. કોંગ્રેસના નેતા જગદીશ ઠાકોરે પોતાના સંબોધનમાં આક્રમક વલણ અપનાવ્યું હતું. તેમણે બનાસકાંઠાના ધારાસભ્યોને સંબોધીને કહ્યું કે, "હું અહીંથી ધારાસભ્યોને કહું છું કે પોલીસના દંડા ખાવા તૈયાર રહેજો." તેમણે જિલ્લામાં વારંવાર થયેલા વરસાદ અને તેનાથી થયેલા નુકસાન અંગે સરકારની કામગીરી પર સવાલો ઉઠાવ્યા હતા. તેમણે જણાવ્યું કે, "બનાસકાંઠામાં ચોથી



વખત વરસાદે રાહાતાળ વળ્યું છે અને દરેક વખતે મોટું નુકસાન થયું છે." વળતરના મુદ્દે તેમણે સરકાર પર આક્રોશ વ્યક્ત કરતા કહ્યું, "ભાજપ કહે છે કે સરકારે બહુ આપ્યું છે, શું તમને વળતર મળ્યું છે ખરું?" તેમણે લોકોને આહ્વાન કર્યું કે, "જે ગામમાં નુકસાનનું પૂરું વળતર ન મળ્યું હોય ત્યાં ભાજપનો પ્રવેશ બંધ કરી દો, ઘુસવા ન દો તેમને." ચૂંટણીલક્ષી નિવેદનમાં તેમણે કહ્યું, "નહિ તો ચૂંટણી આવવા દો, અહીં રાજસ્થાન નજીક છે. તેઓ કન્ટેનર ભરીને અહીં લાલ-લીલું પાણી વેચશે, પણ બહેનો તમે ધોકા તૈયાર રાખજો." આ સાથે જ તેમણે ભાજપ પર વોટ ચોરીના કારણે જીત મેળવવાનો પણ આરોપ લગાવ્યો હતો. તેમણે ઉમેર્યું કે, "તમારા ભાગની નોકરીઓ અને પૈસો ભાજપ લઈ જાય છે, એટલે હવે ચૂંટણી આવે એટલે એને જાકારો આપવાની તમારી જવાબદારી છે." ઓગડ તાલુકાના થરામાં યોજાયેલી આ સભામાં ધારાસભ્ય ગેનીબેન ઠાકોરે પણ ભાજપ સરકાર પર પ્રહારો કર્યા હતા. તેમણે જમીન માપણીના મુદ્દે સરકારને આડે હાથ લીધી હતી. તેમણે કહ્યું, "અંગ્રેજોએ પણ જમીનની માપણી કરી હતી તો પણ એક ઈંચ આઘાપાછી થઈ ન હતી, પણ ભાજપની સરકારમાં એમના અધિકારીઓ કરેલી જમીન માપણીમાં તમામ જમીનો આઘાપાછી કરી નાખી." તેમણે એવો પણ આરોપ લગાવ્યો કે ભાઈઓએ પોતાની જમીન પાછી લેવી હોય તો પણ અધિકારીઓને પૈસા આપવા મજબૂર બનવું પડી રહ્યું છે. અતિવૃષ્ટિના વળતર અંગે તેમણે જણાવ્યું કે, "આ વિસ્તારમાં અતિવૃષ્ટિ થઈ, ખેડૂતોને મોટું નુકસાન થયું છતાં પણ હજુ વળતર નથી આપ્યું. જો સરકાર વળતર નહીં આપે તો અમે ખેડૂતો સાથે હાઈકોર્ટમાં જઈશું." અંતમાં, તેમણે ભાજપને ભ્રષ્ટાચારની પાર્ટી ગણાવતા કહ્યું કે, "રાજ્યમાં ભ્રષ્ટાચાર સિવાય કશું જ નથી. લોકો પીસાઈ રહ્યા છે ત્યારે જન આક્રોશ સભા કોંગ્રેસને કરવી પડે છે." કોંગ્રેસની આ જન આક્રોશ સભા દ્વારા બનાસકાંઠાના સ્થાનિક પ્રશ્નો, ખાસ કરીને ખેડૂતોના વળતર અને ભ્રષ્ટાચારના મુદ્દે ભાજપ સરકારને ઘેરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

## અરબ સાગરમાં શક્તિ વાવાઝોડાની અસર

### દ્વારકાના દરિયામાં ૨૫ ફૂટના મોજાં ઉછળ્યા, વહીવટી તંત્ર એલર્ટ



। (એજન્સી) દ્વારકા, તા.૬ ।

અરબ સાગરમાં સર્જાયેલા સંભવિત શક્તિ વાવાઝોડાના જોખમને ધ્યાનમાં રાખીને ગુજરાતનું વહીવટી તંત્ર એલર્ટ મોડ પર આવી ગયું છે. હવામાન વિભાગ (IMD) દ્વારા જાહેર કરવામાં આવેલી આગાહી મુજબ, આ વાવાઝોડું ૬ ઓક્ટોબરે પોતાની દિશા બદલીને ગુજરાતના દરિયાકાંઠા તરફ આગળ વધે તેવી સંભાવના છે. શક્તિ વાવાઝોડું રાજ્યના દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જામનગર અને કચ્છના દરિયાકાંઠા વિસ્તાર પર સીધું ટકરાય તેવી આશંકા છે. જેને લઈને તંત્ર દ્વારા તમામ કાર્યવાહી તેજ કરવામાં આવી છે. હાલની સ્થિતિ જોતા શક્તિ વાવાઝોડું દ્વારકાથી પશ્ચિમ દિશામાં આશરે ૬૦૦ કિલોમીટર દૂર અરબ સાગરમાં છે અને પ્રતિ કલાક ૧૨ કિ.મી ઝડપે ઓમાન તરફ આગળ વધી રહ્યું છે. જો કે, દિશા બદલવાની આગાહીને કારણે સંભવિત અસરવાળા વિસ્તારોમાં લોકોને સતર્ક રહેવા જણાવાયું છે. ગુજરાત મેરિટાઇમ બોર્ડ (GMB) દ્વારા સંભવિત જોખમને ધ્યાનમાં રાખીને દ્વારા તાત્કાલિક પગલાં લેવામાં આવ્યા છે. આ સિવાય તમામ માછીમારોને સ્પષ્ટ સૂચના આપી દેવાઈ છે કે તેઓ દરિયો ન ખેડે અને કિનારે પાછા ફરે. હાલ, ઓખા, સલાયા અને રૂપેણ જેવા મુખ્ય બંદરો પર ત્રણ નંબરનું ભયસૂચક સિગ્નલ લગાવી દેવાયું છે, જેનો અર્થ છે કે બંદર પર સામાન્ય તોફાનની સંભાવના છે. દરિયાકાંઠાના નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને સુરક્ષિત સ્થળોએ ખસી જવા માટે જાણ કરવામાં આવી છે અને જરૂર પડ્યે મોટા પાયે લોકોનું સ્થળાંતર (Evacuation) કરવાની વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી રહી છે. વાવાઝોડાની સંભવિત અસરના ભાગરૂપે દેવભૂમિ દ્વારકાના દરિયામાં સ્થિતિ બદલાઈ છે. દરિયામાં હાલમાં જબરદસ્ત કરંટ જોવા મળી રહ્યો છે અને ૨૦ થી ૨૫ ફૂટ જેટલા ઊંચા મોજાં ઉછળી રહ્યા છે, જે ભયજનક દ્રશ્યો સર્જી રહ્યા છે.

## ૪૦૦ પોલીસકર્મી તૈનાત કરાયા

# માંગરોળમાં માથાભારે ઈસમોના દબાણો પર ફરી વળ્યું બુલડોઝર

। (એજન્સી) માંગરોળ, તા.૬ ।

ગુજરાતમાં ફરી એક વાર દાદાનું બુલડોઝર ફર્યું છે.સુરતમાં માંગરોળમાં માથાભારે ઈસમોના દબાણો પર તંત્રનું બુલડોઝર ફરી વળ્યુ છે. ઝંખવાવમાં સરકારી જમીન પર કરાયેલા દબાણોનું ડિમોલિશન કરવામાં આવ્યું છે. ૧૨ જેટલા માથાભારે શખ્સોએ સરકારી જમીન પર દબાણ કર્યું છે. જેમાં ૮ જેટલા લોકો પર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયેલા છે.

સુરતમાં પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે ડિમોલિશનની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. પ્રાંત અધિકારી, મામલતદાર, જિલ્લા પોલીસ વડા પણ હાજર રહ્યાં હતા. અનિચ્છનિય બનાવ ન બને તે માટે ૪૦૦ જેટલા પોલીસકર્મી તૈનાત કરવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે માંગરોળમાં માથાભારે ઈસમોના દબાણો પર તંત્રનું બુલડોઝર ફરી વળ્યું છે. મળતી માહિતી અનુસાર ૧૨ જેટલા માથાભારે શખ્સોએ સરકારી જમીન પર દબાણ કર્યું હતું. પોલીસના જણાવ્યા અનુસાર, આ મિલકતોના માલિકો કોઈને કોઈ અલગ અલગ ગુનાઓમાં સંડોવાયેલા હતા. આ કાર્યવાહીથી અન્ય આરોપીઓમાં પણ ફફડાટ જોવા મળ્યો છે. પોલીસે સ્પષ્ટતા કરી છે કે ગુનામાં સંડોવાયેલા લોકોની મિલકતો તોડવામાં આવી છે. આ કાર્યવાહી કરતા પહેલા આરોપીઓના પરિવારજનોને જાણ કરવામાં આવી હતી.

## ખંભાળિયા શહેરમાં બની ઘટના

# દ્વારકામાં પેલેસ્ટાઇનના ફ્લેગ પ્રદર્શિત કરાતા વિવાદ

। (એજન્સી) દ્વારકા, તા.૬ ।

દ્વારકા જિલ્લાના ખંભાળિયા શહેરમાં ૧૧મી શરીફ ઈદના ધાર્મિક જુલૂસ દરમિયાન પેલેસ્ટાઈનના ફ્લેગ પ્રદર્શિત થતાં અને ઉશ્કેરણીજનક સૂત્રોચ્ચાર કરાતાં મોટો વિવાદ ઊભો થયો છે. આ ઘટનાથી સ્થાનિક કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જોખમાઈ હતી, જેના પગલે પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી છે. ધાર્મિક જુલૂસ શાંતિપૂર્ણ માહોલમાં નીકળી રહ્યું હતું, ત્યારે કેટલાક વિધર્મીઓ દ્વારા જાણીજોઈને આ કાર્યક્રમમાં પેલેસ્ટાઈનના ફ્લેગ પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. આ ઘટનાના મુખ્ય સૂત્રધાર તરીકે આમદ અબ્દુલ રૂખડા નામના ઈસમનું નામ સામે આવ્યું છે. આમદ રૂખડાએ પોતે ફ્લેગ બનાવ્યા હતા અને અન્ય નાના બાળકો પાસે પણ આ ફ્લેગ પ્રદર્શિત કરાવ્યા હતા. આટલું જ નહીં, આમદ રૂખડાએ જાહેરમાં ઉશ્કેરણીજનક સૂત્રોચ્ચાર પણ કર્યા હતા, જેનો ઈરાદો જુદા જુદા પ્રાદેશિક જૂથો વચ્ચે વૈમનસ્ય ફેલાવવાનો હતો. આ કૃત્ય જાહેર સુલેહ-શાંતિનો ભંગ કરવાના ઈરાદાપૂર્વકનું કાવતરું હોવાનું માનવામાં આવે છે.

ધાર્મિક જુલૂસની આડમાં રાજકીય ઉશ્કેરણી અને શાંતિ ભંગના આ ગંભીર કૃત્યની જાણ થતાં ખંભાળિયા પોલીસ સક્રિય બની હતી. પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને જાહેર સુલેહ શાંતિનો ભંગ કરનાર આરોપી આમદ અબ્દુલ રૂખડાની ધરપકડ કરી છે.

# પાછોતરા વરસાદે ખેડૂતોની આશા ઉપર પાણી ફેરવ્યું, અમરેલીમાં લીલા દુકાળની સ્થિતિ

## ખેડૂતોનું કહેવું છે કે, હવે તેમને એક વીઘામાંથી ૫૦૦ રૂપિયા પણ મળશે નહીં : ખેડૂતોની આર્થિક સ્થિતિ કફોડી

। (એજન્સી) અમરેલી, તા.૬ ।

લાઠી પંથકમાં છેલ્લા કેટલાક દિવસોથી પડેલા પાછોતરા વરસાદે ખેડૂતોની આશાઓ પર પાણી ફેરવી દીધું છે. જેના કારણે લાઠી, સાવરકુંડલા, અમરેલી, લીલીયા, રાજુલા અને ખાંભા તાલુકાના ગામોમાં મગફળીના પાકને મોટું નુકસાન થયું છે. ખેતરોમાં પડેલા મગફળીના પાથરા વરસાદને કારણે ભીંજાઈ ગયા છે, જેના લીધે પાકમાં ફૂગ લાગવાનું શરૂ થયું છે અને દાણા ખરાબ થઈ રહ્યા છે. આ નુકસાને ખેડૂતોની આર્થિક સ્થિતિને કફોડી બનાવી દીધી છે. ખેડૂતોના જણાવ્યા અનુસાર, એક વીઘા જમીનમાં મગફળીના પાક માટે ખાતર, બિયારણ, સિંચાઈ અને મજૂરીનો સરેરાશ ખર્ચ લગભગ ૧૫,૦૦૦ રૂપિયા થાય છે. આ વર્ષે સારી ઉપજની આશા હતી, પરંતુ વરસાદે આખું રોકાણ બરબાદ કરી દીધું છે. ઘણા ખેડૂતોના પાથરા ખેતરમાં જ નાશ પામ્યા, જેનાથી તેમને માથે ઓઢીને રડવાનો વારો આવ્યો છે. ઝરખીયા ગામના ખેડૂતોએ ખેતરોમાં એકઠા થઈને નુકસાનનું નિરીક્ષણ કર્યું અને દુઃખ વ્યક્ત કર્યું હતું. ખેડૂત ઘનશ્યામ વેકરીયાએ જણાવ્યું કે, ‘‘મગફળીના પાથરા પલળી ગયા છે અને દાણા ફૂગાઈ ગયા છે. આ વર્ષે સારું ઉત્પાદન મળશે એવી આશા હતી, પરંતુ હવે બધું નુકસાન થઈ ગયું છે. એક વીઘામાં ૧૫,૦૦૦ રૂપિયાનો ખર્ચ થયો હતો, પરંતુ એક રૂપિયો પણ પાછો નહીં મળે.’’ આ સાથે, અન્ય ખેડૂત અલ્પેશ કાકડિયાએ કહ્યું કે, ‘‘અમે ઉધાર લઈને ખેતીમાં રોકાણ કર્યું હતું, પરંતુ વરસાદે બધુ બરબાદ કરી દીધું છે. હવે એક વીઘામાંથી ૫૦૦ રૂપિયાની આવક પણ નહીં થાય. આથી, સરકારે તાત્કાલિક સર્વે કરાવી વળતર આપવું જોઈએ.’’ તાલુકા પંચાયત લાઠીના સદસ્ય પ્રવીણ કાકડિયાએ જણાવ્યું કે, લાઠી પંથકના અનેક ગામોમાં મગફળીના પાથરા પલળી ગયા છે.

## ગ્રામજનોએ ઘટનાનો વીડિયો પણ વાયરલ કર્યો

# વિજાપુરના રણસીપુર ગામે દારૂના અડ્ડા પર જનતા રેડ!

। (એજન્સી) મહેસાણા, તા.૬ ।

ગુજરાતમાં દારૂબંધીના કડક કાયદા હોવા છતાં ગ્રામીણ વિસ્તારોમાં ઠેર ઠેર દેશી દારૂના અડ્ડાઓ ધમધમી રહ્યા છે. ત્યારે આ વિકૃતિ સામે મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના રણસીપુર ગામમાં ગ્રામજનોએ સીધી કાર્યવાહી કરીને જનતા રેડ પાડી દીધી છે. ગામના આગેવાનોએ ગ્રામસભા યોજી યુવાનો સહિત મહિલાઓને પણ સાથે રાખીને દારૂના અડ્ડાઓ પર જનતા રેડ પાડી છે. આ ઘટનાના વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા છે, ત્યારે પોલીસની કામગીરી પર પણ ગંભીર સવાલો ઊભા થયા છે. મળતી માહિતી મુજબ, ઘટના લાડોલ પોલીસ સ્ટેશનની હદમાં આવતા વિજાપુર તાલુકાના રણસીપુર ગામમાં ગામના આગેવાનોએ તાજેતરમાં ગ્રામસભા યોજી મોટી સંખ્યામાં મહિલાઓની હાજરીમાં ગામમાં દારૂના દુષણને ડામવા પર વિશેષ ચર્ચા કરી હતી. ગ્રામજનોએ જણાવ્યું કે, ગામમાં દારૂના અડ્ડાઓ ધમધમી રહ્યા છે, જેના કારણે ગામમાં અપરાધ, પારિવારિક કલેશ અને આર્થિક નુકસાન વધ્યું છે. જેથી ગ્રામસભાના નિર્ણય પછી તેઓએ જનતા રેડની કાર્યવાહી કરી છે. ગ્રામજનોએ અડ્ડાઓ પર પહોંચી, ત્યાં દેશી દારૂની બનાવટમાં વપરાતી સાધન-સામગ્રીનો નાશ કર્યો હતો. આ જનતા રેડ દરમિયાન ગ્રામજનોએ આખી ઘટનાનું વીડિયો રેકોર્ડિંગ પણ કર્યું છે. ત્યારે આ ઘટનાથી પોલીસ વિભાગ પર ગંભીર સવાલો ઊભા થયા છે. ગામના વર્ષોથી ધમધમતા આ દારૂના અડ્ડા પર પોલીસે કંઈ પણ કાર્યવાહી ન કરતા અંતે સ્થાનિક જનતા હલ્લો બોલીને તૂટી પડી છે. ગ્રામજનોનું કહેવું છે કે, આ પહેલાં પણ અમે પોલીસને ફરિયાદો આપી છે, પરંતુ અડ્ડાઓ એમને એમ ધમધમી રહ્યા હતા.

## વિશેષ

### મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં 'વિચરતી વિમુક્ત જાતિઓનું રાજ્ય સ્તરીય મહાસંમેલન'

# જેને કોઈ પૂછતું નથી એને મોદી પૂજે છે એ વાત વિચરતી-વિમુક્ત જાતિઓ માટે અનેક કલ્યાણ યોજનાઓના સફળ અમલ થી વડાપ્રધાન શ્રી એ સાકાર કરી છે :- મુખ્યમંત્રીશ્રી






। (માહિતી) અમદાવાદ,તા.૬ ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વિચરતી વિમુક્ત જાતિઓના અમદાવાદમાં યોજાયેલા રાજ્ય સ્તરીય મહાસંમેલન' માં સ્પષ્ટ પણે કહ્યું હતું કે જેને કોઈ પૂછતું પણ ન હતું તેવા અંત્યોદય , ગરીબ ,વંચિતોને મોદી સાહેબે પૂજ્યા છે. ડીએનટી ફાઉન્ડેશન દ્વારા આયોજિત આ સંમેલનમાં રાજ્યભરમાંથી વિચરતી વિમુક્ત જાતિઓના લોકો ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ આ પ્રસંગે જણાવ્યું કે, વિચરતી- વિમુક્ત જાતિનો સમાજ આગળ વધશે તો ક્યારે વધશે એ ભૂતકાળમાં સવાલ હતો પરંતુ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જેવું સક્ષમ નેતૃત્વ મળ્યું અને દરેક વ્યક્તિ-સમાજને સાથે રાખીને સૌના સાથ સૌના વિકાસ સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસ નો ધ્યેય પાર પડ્યો છે. તેમણે નાનામાં નાના માણસનો વિચાર કરીને સરકારી યોજનાઓ કે નીતિઓ બનાવી છે અને વિકસિત ભારતના નિર્માણ માટે છેવાડાના અને મધ્યમ વર્ગના માનવી ને કેન્દ્ર સ્થાને રાખીને વિકાસ સાથે જોડ્યો છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે વિચરતી અને વિમુક્ત જાતિઓના બાળકોને શિક્ષણ આપવા ,ભણાવવા પર ભાર મુકતા કહ્યું કે, તમારા દીકરા-દીકરી ભણીને આગળ વધે એ માટે સરકારે ખુબ સારી યોજનાઓ બનાવી છે. છેલ્લા ત્રણ વર્ષમાં વિચરતી-વિમુક્ત જાતિના ૨૭ લાખથી વધુ લાભાર્થીઓને ૨૯૭ કરોડ રૂપિયાની રકમ ની શિષ્યવૃત્તિની સહાય ચૂકવવામાં આવી છે અને ૮૪૪૮ જેટલાં લાભાર્થીઓને ૧૦૫ કરોડ રૂપિયાની લોન સહાય પૂરી પાડવામાં આવી છે. તેમણે ઉમેર્યું કે, અત્યારે જે પ્રમાણે દેશ અને દુનિયાની ડિમાન્ડ અને સમયની માંગ છે તે પ્રમાણે કદમથી કદમ મિલાવી દીકરા-દીકરીઓ ભણીને આગળ વધી રહ્યા છે એમાં જ્યાં જરૂર પડે ત્યાં સરકાર તમારી સાથે ઉભી રહેવા તૈયાર છે. તેમણે આ સમાજ ની બહેનો માતાઓને પણ સ્વ સહાયજૂથ જેવી યોજનાઓ નો લાભ લઈ આત્મ નિર્ભર બનવા પ્રેરણા આપી હતી. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, આપણે વિકસિત ભારત તરફ આગળ વધી રહ્યા છે ત્યારે આત્મનિર્ભર ભારતના નિર્માણ માટે તમામ સમાજો એ પણ તેમાં જોડાવાનું છે. વિકસિત ભારત માટે વિકસિત ગુજરાત બનાવવા નાનામાં નાનો માણસ મુખ્ય પ્રવાહમાં આવે તે માટે સરકાર વિવિધ કલ્યાણ યોજનાઓ માં સેચ્યુરેશન અભિગમથી પડખે ઊભી રહી છે. તેમણે આત્મ નિર્ભર ભારત માટે વોકલ ફોર લોકલ અને સ્વદેશી વસ્તુઓના વધુ ને વધુ ઉપયોગ નું આહ્વાન કરતાં કહ્યું કે જીએસટી રીફોર્મ્સના લીધે જનજીવનને ઘણો લાભ થઈ રહ્યો છે. આ સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રીએ આગામી દિવસોમાં આવતા તહેવારોમાં સ્વદેશી ચીજ વસ્તુઓના ખરીદ વેચાણ ને વેગ આપીને

આત્મનિર્ભર ભારત વિકસિત ભારત નો સંકલ્પ વેગવાન બનાવવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયાએ જણાવ્યું હતું કે, તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિચરતી વિમુક્ત જાતિના લોકોને કાયમી સરનામું મળી રહે તેવા આશયથી 'ઘરનું ઘર' આપવાની શરૂઆત કરી હતી. તેમણે વધુમાં કહ્યું હતું કે, ૨૮ જેટલી વિચરતી અને ૧૨ જેટલી વિમુક્ત જાતિ મળી કુલ ૪૦ જેટલી જાતિઓ સામાજિક અને શૈક્ષણિક રીતે ઘણી પછાત હોય છે ત્યારે રાજ્ય સરકારે ૨૦૧૫માં આવા લોકો માટે નિગમની રચના કરી હતી. રાજ્ય સરકારે વિચરતી વિમુક્ત જાતિના બાળકોના અભ્યાસ માટેની ચિંતા કરી તેમને સ્કોલરશીપ અને બીજી ઘણી શૈક્ષણિક સહાય મળી રહે તેવા પ્રયાસો કર્યા છે તેવું મંત્રીશ્રીએ ઉમેર્યું હતું. તેમણે જણાવ્યું જે, વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ છેવાડાના લોકો સુધી વિકાસના લાભ પહોંચે તે દિશામાં કાર્ય કરી રહ્યા છે.

વધુમાં જણાવતાં મંત્રીશ્રીએ કહ્યું કે, સ્ટ્રીટ વેન્ડર્સને પોતાના ધંધા માટે બેંકમાંથી સરળ રીતે લોન મળી રહે તે પ્રકારની વ્યવસ્થા વડાપ્રધાનશ્રી દ્વારા કરવામાં આવી છે. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે પદ્મશ્રી ભાનુભાઈ ચિતારાનું સન્માન કરાયું હતું. આ પ્રસંગે રાજ્યસભાના સાંસદ અને ભાજપ ઓબીસી મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી ડૉ. કે.લક્ષ્મણ, રાજ્યસભા સાંસદ અને પ્રદેશ ભાજપ ઓબીસી મોરચાના પ્રમુખ શ્રી મયંક નાયક, અમદાવાદ શહેરના મેયર શ્રીમતિ પ્રતિભાબેન જૈન, શહેર ભાજપ અધ્યક્ષ શ્રી પ્રેરકભાઈ શાહ, શ્રી ભરતભાઈ પટણી, શ્રી પ્રવિણભાઈ ધુગે, શ્રી સાગરભાઈ રાયકા તથા વિચરતી વિમુક્ત જાતિઓના રાજ્યભરમાંથી પધારેલા આગેવાનો અને મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨





ઓડિશાના કટકમાં દુર્ગા મૂર્તિ વિસર્જન શોભાયાત્રા દરમિયાન જૂથ અથડામણ સાથે જોડાયેલી નવી હિંસાની ઘટનાઓ બાદ ઓડિશાના પોલીસ મહાનિર્દેશક (ડીજીપી) યોગેશ બહાદુર ખુરાનિયા પોલીસ કર્મચારીઓને માહિતી આપી રહ્યા છે.
જયપુરમાં રવિવારે મોડી રાત્રે રાજ્ય સંચાલિત સવાઈ માન સિંહ (SMS) હોસ્પિટલના ટ્રોમા સેન્ટરમાં આગ લાગવાથી દર્દીઓ, હોસ્પિટલ સ્ટાફ અને અન્ય લોકો ભેગા થયા. આ ઘટનામાં છ દર્દીઓના મોત થયા.

## ભાગવતે પાકિસ્તાન અધિકૃત કાશ્મીરને ભારતના ઘરનો એક ઓરડો ગણાવ્યો

। (એજન્સી) નવીદિલ્હી, તા.૬ ।

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવતે પાકિસ્તાન અધિકૃત કાશ્મીરને ભારતના ઘરનો એક ઓરડો ગણાવ્યો છે, જેના પર અન્ય લોકોએ કબજો કરી લીધો છે. તેમણે કહ્યું કે આ રૂમ ભારતનો ભાગ છે અને તેને પાછો લઈ લેવો જોઈએ. ભાગવત સતનામાં એક કાર્યક્રમમાં બોલી રહ્યા હતા, જ્યાં તેમના નિવેદનને ભીડ તરફથી જોરથી તાળીઓથી વધાવી લેવાયું રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના વડા મોહન ભાગવતે કહ્યું, ''મને ખૂબ આનંદ છે કે ઘણા સિંધી ભાઈઓ અહીં બેઠા છે. તેઓ પાકિસ્તાન ગયા ન હતા; તેઓ અવિભાજિત ભારતના હતા. સંજોગોએ અમને આ ઘરમાં આવવા મજબૂર કર્યા, પરંતુ તે ઘર અને આ ઘર અલગ નથી. આખું ભારત એક ઘર છે; અમારા ઘરના એક રૂમમાં કોઈએ કબજો કર્યો છે. મારું ટેબલ, ખુરશી અને કપડાં ત્યાં રાખવામાં આવ્યા હતા. હવે સમય આવશે જ્યારે આપણે તે રૂમ પાછો લેવો પડશે.'' ભાગવતનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે પાકિસ્તાન અધિકૃ ત કાશ્મીર (PoK)માં લોકોએ પ ાકિસ્તાની શાસન સામે વિરોધ શરૂ કર્યો છે. છેલ્લા કેટલાક દિવસોથી, હજારો સ્થાનિક લોકો આવામી એક્શન કમિટી (AAC)ના બેનર હેઠળ રસ્તાઓ પર ઉતરી આવ્યા છે, આર્થિક રાહત અને રાજકીય સુધારાની માંગ કરી રહ્યા છે. ત્રણ દિવસથી ચાલી રહેલા વિરોધ પ્રદર્શનોમાં દસ લોકો માર્યા ગયા છે અને ૧૦૦ થી વધુ ઘાયલ થયા છે. ધીરકોટ (બાગ જિલ્લો) માં પાકિસ્તાની સુરક્ષા દળો દ્વારા ચાર પ્રદર્શનકારીઓની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. મુઝફ્ફરાબાદ, દધાલ (મીરપુર) અને ચમ્યાતી (કોહાલા નજીક) માં પણ હિંસાના અહેવાલો છે.

## હાઉસ કિપિંગનું કામ કરતાં યુવક પર ગોળીબાર કરાયો

। (એજન્સી) પેન્સિલવેનિયા, તા.૬ ।

અમેરિકામાં વધુ એક ગુજરાતીની હત્યા નીપજાવી હોવાની ઘટના સામે આવી છે. જેના સીસીટીવી ફુટેઝ પણ સામે આવ્યા છે. મળતી વિગતો પ્રમાણે, અમેરિકાના પેન્સિલવેનિયાના પિસ્તબર્ગ ટાઉનમાં હાઉસ કિપિંગનું કામ કરતાં યુવકને ગોળી મારીને મોતને ઘાટ ઉતારી દેવાયો છે. ફાયરિંગની ઘટનાને લઈને સ્થાનિક પોલીસે આરોપીની ધરપકડ કરી છે અને બનાવને લઈને આગળની કાર્યવાહી હાથ ધરી છે. મળતી માહિતી મુજબ, મૂળ સુરતના બારડોલી તાલુકાના રાયમ ગામના વતની રાકેશ પટેલ છેલ્લા ઘણાં અમેરિકામાં સ્થાયી થયા હતા અને હાઉસ કિંપિંગનું કામ કરતા હતા. આરોપીએ અંગત અદાવતમાં રાકેશ પર ફાયરિંગ કર્યું હોવાની આશંકા છે. સમગ્ર ઘટના શુક્રવાર (૩ ઓક્ટોબર, ૨૦૨૫)ની સવારની છે. ૨૫ વર્ષીય ચંદ્રશેખરે હૈદરાબાદમાં મ્હ્જીની ડિગ્રી મેળ્યા બાદ ઉચ્ચ અભ્યાસ માટે અમેરિકાના ડલાસ ગયો હતો. જ્યાં તે શિક્ષણ મેળવવાની સાથે એક ગેસ સ્ટેશન પર પાર્ટ-ટાઈમ નોકરી પણ કરતો હતો. મળતી માહિતી મુજબ, ઘટનાની સવારે કેટલાક લૂંટારુઓ ગેસ સ્ટેશનમાં ઘૂસી આવ્યા હતા અને લૂંટફાટના ઈરાદે ગોળીબાર કર્યો હતો. જેમાં ચંદ્રશેખરને છાતીના ભાગે ગોળી વાગી ગઈ હતી.

### ડોનાલ્ડ ટ્રમ્પે હમાસને આપી દીધી છેલ્લી વોર્નિંગ

# સત્તા છોડો નહીંતર ભુક્કા બોલાવી દઈશું : ડોનાલ્ડ ટ્રમ્પ

### વોશિંગ્ટન પોસ્ટ અનુસાર, ડોનાલ્ડ ટ્રમ્પે ૬ ઓક્ટોબરની રાત ૩.૩૦ વાગ્યા સુધીની ડેડલાઈન આપી દીધી છે

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૬ ।



ગાઝાના હુમલા રોકાવાનું નામ નથી લેતા. હમાસ સત્તા છોડવા તૈયાર નથી. આ બાજુ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે હમાસને છેલ્લી ચેતવણી આપી દીધી છે. જો ગાઝાની સત્તા નહીં છોડે તો બધું ખતમ થઈ જશે. ટ્રમ્પનો આ કડક મેસેજ ત્યારે આવ્યો છે, જ્યારે હમાસે ટ્રમ્પના પ્લાનને અધૂરો માન્યો. ૩ ઓક્ટોબરના રોજ હમાસે કહ્યું કે તે બંધકોને છોડવા અને ગાઝાની સત્તા કોઈ સ્વતંત્ર ફિલિસ્તીની ગ્રુપને આપવા તૈયાર છે, પણ જ્યારે હથિયાર છોડવાની વાત આવી તો હા-ના કરવા લાગ્યા.

હથિયાર છોડવા પર હમાસના નેતાએ કહ્યું કે, આ પછી વાતચીતમાં નક્કી થશે. આંતરરાષ્ટ્રીય નિયમ હિસાબથી નક્કી થશે. તેમણે તેને બંધકોની મુક્તિની શરતો સાથે જોડી દીધું. સેનેટર લિંડસે ગ્રાહમે કહ્યું કે, હમાસ હથિયાર છોડવા નથી માગતા. તે ગાઝા પર કંટ્રોલ કરવા માગે છે. બંધકો માટે શરતો રાખી છે. સ્પષ્ટ છે કે તેઓ સમય માગે છે. ટ્રમ્પે ત્યાર બાદ કહ્યું કે, જોઈએ છીએ, સમય બતાવશે બીજું બોલો, જલદી ખબર પડી જશે. આ નિવેદનથી ટ્રમ્પનો ગુસ્સો સ્પષ્ટ દેખાઈ રહ્યો છે. તેમણે કહ્યું કે, અમે જાણીએ છીએ કે તમે ક્યાં છો, શોધીને ખતમ કરી નાખીશું.

વોશિંગ્ટન પોસ્ટ અનુસાર, ટ્રમ્પે ૬ ઓક્ટોબરની રાત ૩.૩૦ વાગ્યા સુધીની ડેડલાઈન આપી છે. ત્યાં સુધી હમાસે વાત ન માની તો અમેરિકા એક્શન શરુ કરી દેશે. આ દરમ્યાન અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયોએ કહ્યું કે, વાત હજુ સુધી બની નથી.

પહેલું કામ બંધકોને છોડાવાનું છે. ઈઝરાયલી સેના ગાઝામાં યેલો લાઈન સુધી પાછળ હટશે. હમાસે હથિયાર છોડવા પડશે. ગાઝામાં એવી લીડરશિપ જોઈએ જે હમાસથી અલગ હોય અને આતંકી ગ્રુપ્સને ખતમ કરવા પ ડશે. રુબિયોએ કહ્યું કે તેના વગર પાક્કી શાંતિ નહીં આવે. હમાસે સીઝફાયરની વાત તો માની લીધી છે, પણ તે સત્તા છોડવા નથી માગતા.

હવે ઈઝરાયલની વાત કરીએ. ટ્રમ્પને પૂછવામાં આવ્યું કે શું ઈઝરાયલના પીએમ બેંઝામિન નેતન્યાહૂ શાંતિ માટે કંઈ પણ કરવા તૈયાર છે? ટ્રમ્પનો જવાબ- હા. નેતન્યાહૂની ઓફિસ તરફથી કહેવાયું છે કે ટ્રમ્પ પ્લાનના પ હેલા તબક્કાને તરત લાગુ કરવાની તૈયારી ચાલી રહી છે. પણ ઈઝરાયલી સેનાને પણ હાઈ એલર્ટ પર રાખવામાં આવી છે. બોમ્બ બ્લાસ્ટ અટક્યા નથી. ૪ ઓક્ટોબરના રોજ ગાઝા સિટીમાં ૧૮ લોકોના મોત થયા, ટફાહમાં એક ઘર પર હુમલામાં બાળકો ઘાયલ થઈ ગયા.

# રાધનપુર-કંડલા હાઈવે પર પાંચ વાહનો અથડાયા, ભીષણ અકસ્માતમાં ૪ લોકોના મોતની આશંકા

### ગુજરાતના વિવિધ વિસ્તારોમાં સવારે અલગ-અલગ સ્થળોએ બનેલા માર્ગ અકસ્માતોએ હાહાકાર મચાવ્યો

। (એજન્સી) રાધનપુર, તા.૬ ।



ગુજરાતના વિવિધ વિસ્તારોમાં આજે સવારે અલગ—અલગ સ્થળોએ બનેલા માર્ગ અકસ્માતોએ હાહાકાર મચાવી દીધો છે. રાધનપુર, સુરત અને અમદાવાદના રસ્તાઓ પર બનેલા અકસ્માતોમાં ચારથી વધુ લોકોના મોત અને અનેક ઈજાઓની માહિતી મળી રહી છે. રાધનપુર-કંડલા હાઈવે પર મોટીપીપળી નજીક એક ભયાનક અકસ્માત સર્જાયો છે, જેમાં એક સાથે પાંચ વાહનો અથડાયા હતા. આ ગંભીર અકસ્માતમાં ચારથી વધુ લોકોના મોતની આશંકા છે, જ્યારે સાતથી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે. અકસ્માતમાં સામેલ વાહનોમાં ટ્રેલર, બાઈક, જીપ અને પીકઅપ વાનનો સમાવેશ થાય છે. ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે રાધનપુર રેફરલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. આ અકસ્માત અંગે સામે આવેલી વિગતો અનુસાર ૧ ટ્રેલર, ૨ બાઈક, ૧ જીપ અને ૧ બોલેરો પિકઅપ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. તમને જણાવી દઈએ કે, રાધનપુરના મોટી પીપળી નજીક આ અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતની જાણ થતા પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી છે. હાલ ઈજાગ્રસ્તોને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. અકસ્માતની ઘટનાને પગલે મોટી સંખ્યામાં લોકો એકઠા થઈ ગયા હતા. જો કે, આ અકસ્માત કેવી રીતે સર્જાયો તે અંગે કોઈ માહિતી સામે આવી નથી. પોલીસ તપાસ બાદ સામે માહિતી સામે આવશે. સુરતના ઉધના વિસ્તારમાં વહેલી સવારે એક મોટી ઘટના બની હતી. અહીં બેફામ કન્ટેઈનરે અકસ્માત સર્જી રોકડિયા હનુમાન મંદિરમાં ઘૂસી ગયું હતું. પ્રાથમિક માહિતી મુજબ, કન્ટેઈનરના ચાલકને ઝોકું આવી જવાના કારણે આ અકસ્માત થયો હતો. સદનસીબે આ અકસ્માતમાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ મંદિરને વ્યાપક નુકસાન થયું છે. ઉધના પ ોલીસે ઘટના બાદ કન્ટેઈનર ચાલકની અટકાયત કરી છે. ત્રીજા અકસ્માત અંગે વાત કરીએ તો, અમદાવાદના ધોલેરા હાઈવે પર હેબતપુર ગામ નજીક બે બસ વચ્ચે ગમખ્વાર અકસ્માત થયો હતો. બે બસ અથડાયા બાદ એક ખાનગી લક્ઝરી બસ પલટી મારી ગઈ હતી. આ અકસ્માતમાં ખાનગી બસમાં સવાર આઠ વ્યક્તિઓ ઈજાગ્રસ્ત થયા હતા. તમામ ઈજાગ્રસ્તોને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે, જ્યાં ઈજાગ્રસ્ત આઠ પૈકી ત્રણ લોકોની હાલત અત્યંત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.

### મંદીનું જોખમ ઘટીને ૩૫% થી ૩૦% થયું

# શટડાઉનથી અમેરિકાનું અર્થતંત્ર પડી ભાંગવાનો ડર ખોટો પડ્યો

### ટેક્નોલોજી ક્ષેત્રે થયેલો મજબૂત મૂડીનો ખર્ચ હાઈ-ટેક ક્ષેત્રમાં મૂડી ખર્ચના આંકડા ખરેખર મજબૂત રહ્યા હતા

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૬ ।

ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકામાં લાગુ કરેલા શટડાઉનને લીધે ત્યાંનું અર્થતંત્ર પડી ભાંગશે, ભયંકર બેરોજગારી સર્જાશે, અને એ બધાંની અસર દુનિયાના અન્ય દેશોને પણ પડશે, એવો ડર ખોટો પડતો જણાઈ રહ્યો છે. વૈશ્વિક આર્થિક રેટિંગ એજન્સી S&P ગ્લોબલના મુખ્ય અર્થશાસ્ત્રી સત્યમ પાંડેના મતાનુસાર આગામી બાર મહિનાના સમયગાળામાં અમેરિકામાં મંદી આવવાની સંભાવના ઘટીને ૩૦% થઈ છે, જે આ વર્ષની શરૂઆતમાં ૩૫% હતી. ગુરુવારે વોલ સ્ટ્રીટ સૂચકાંકો પણ રેકોર્ડ ઊંચાઈએ બંધ થયા હતા. S&P 500 ૦.૧ ટકા વધ્યો હતો અને Nasdaq 100 ૦.૪ ટકા વધ્યો હતો. મંદીની સંભાવના ઘટવા માટના કારણો તરીકે સત્યમ પાંડેએ નીચેના પરિબળોને જવાબદાર ગણાવ્યા છે. ૧. ટ્રમ્પે દુનિયાના અનેક દેશો પર લાગુ કરેલા વ્યાપારિક ટેરિફને લીધે શરૂઆતમાં જે ભય ફેલાયો હતો એ હવે ઓછો થઈ ગયો છે, કારણ કે વ્યાવસાયિકોએ નવી વેપાર નીતિઓ સાથે સમયસર સમાયોજન કરી લીધું છે. ૨. બીજું અને વધુ મહત્ત્વનું કારણ છે, ટેક્નોલોજી ક્ષેત્રે થયેલો મજબૂત મૂડીનો ખર્ચ (કેપિટલ એક્સપેન્ડિચર). હાઈ-ટેક ક્ષેત્રમાં મૂડી ખર્ચના આંકડા ખરેખર મજબૂત રહ્યા છે, જે એક સુખદ આશ્ચર્ય છે. આ સ્થિતિસ્થાપકતાએ જ મંદીની સંભાવના ઘટાડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે. હળવા સુધારા થયા હોવા છતાં અર્થશાસ્ત્રીએ ચેતવણી આપી છે કે, અમેરિકન અર્થતંત્રમાં નબળાઈઓ ચાલુ જ રહેશે, કેમ કે શ્રમ બજાર, ગ્રાહક ખર્ચ અને ઉપભોક્તા ભાવના સૂચકાંકો જેવા અનેક મુદ્દા હજુ નબળા છે. ખાસ કરીને શ્રમ બજારની ચિંતાઓ હવે ફેડરલ રિઝર્વ (અમેરિકન કેન્દ્રીય બેંક)ની નીતિઓને પ્રભાવિત કરી રહી છે. સત્યમ પાંડે જણાવે છે કે, 'ફેડરલ રિઝર્વ હવે શ્રમ બજારનું નિરીક્ષણ કરી રહ્યું છે.

### અલવર જિલ્લાના માલિયાર જટ્ટ ગામમાં હૃદયદ્રાવક ઘટના

# વિસ્થાપન સમયે વળતર તરીકે આપેલા ૧૦ લાખ આગમાં બળીને રાખ થયા

### ખેડૂતે સરિસ્કા વિસ્થાપન પેટે મળેલા ૧૦ લાખ રૂપિયા રોકડા સહિત ઘરનો તમામ સામાન ગુમાવી દીધો હતો

। (એજન્સી) અલવર, તા.૬ ।

રાજસ્થાનના અલવર જિલ્લાના માલિયાર જટ્ટ ગામમાં એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. અહીં અચાનક લાગેલી આગમાં એક ખેડૂતનો આખો પરિવાર મોટી દુર્ઘટનામાંથી બચી ગયો હતો, પરંતુ ખેડૂતે સરિસ્કા વિસ્થાપન પેટે મળેલા ૧૦ લાખ રૂપિયા રોકડા સહિત ઘરનો તમામ સામાન ગુમાવી દીધો હતો.

સરિસ્કા ટાઈગર રિઝર્વમાંથી વિસ્થાપિત થયેલા ૪૦ વર્ષીય ખેડૂત બનવારી નાથની માટીની ઝૂંપડીમાં અચાનક આગ લાગી હતી.

ઘટના સમયે બનવારી નાથ આંગણામાં સૂતા હતા, જ્યારે તેમની પત્ની, પુત્રવધૂ અને નાના બાળકો ઝૂંપ ડીમાં હતા. બાળકોની ચીસો સાંભળીને બનવારી નાથ તરત જ જાગી ગયા અને સમગ્ર પરિવારને સુરક્ષિત રીતે બહાર કાઢ્યો. સદભાગ્યે, આ અકસ્માતમાં કોઈ જાનહાનિ થઈ નથી. જોકે, આગ એટલી વિકરાળ હતી કે ઘરનો તમામ સામાન બળીને ખાખ થઈ ગયો હતો.

સૌથી મોટું નુકસાન રોકડ રકમનું થયું હતું. સરકારે બનવારી નાથને વિસ્થાપન સમયે વળતર તરીકે આપેલા ૧૦ લાખ રૂપિયા રોકડા ઘરમાં રાખ્યા હતા, જે આગમાં બળીને રાખ થઈ ગયા હતા. જે પૈસાથી તેઓ પોતાનું ભવિષ્ય સુરક્ષિત કરવાની આશા રાખતા હતા તે થોડીવારમાં જ નાશ પામ્યા.

સ્થાનિક ગ્રામજનોએ જણાવ્યું કે, બનવારી નાથનો પરિવાર સરિસ્કા ટાઈગર રિઝર્વ વિસ્તારમાંથી વિસ્થાપિત થયેલા આશરે ૧૦૦ પરિવારોમાંથી એક છે. આ ઘટના બાદ આ પરિવાર હવે ખુલ્લા આકાશ નીચે રહેવા માટે મજબૂર છે.

### NCRBના રિપોર્ટમાં ખુલાસો

# સૌથી વધુ વિદેશી કેદીઓ પશ્ચિમ બંગાળની જેલમાં કેદ



। (એજન્સી) નવી દિલ્હી, તા.૦૬ ।

દેશભરની જેલોમાં અસંખ્ય કેદીઓ બંધ છે, પરંતુ શું તમે જાણો છો કે સૌથી વધુ વિદેશી કેદીઓ પશ્ચિમ બંગાળની જેલમાં કેદ છે. નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યુરો (NCRB) ના એક અહેવાલમાં આ અંગે ખુલાસો કરવામાં આવ્યો છે. NCRB એ ભારતીય જેલ આંકડા ૨૦૨૩નો રિપોર્ટ રજૂ કર્યો છે. જે અનુસાર, પશ્ચિમ બંગાળની જેલોમાં સૌથી વધુ વિદેશી કેદીઓ કેદ છે. ભારતમાં કુલ ૬,૯૫૬ વિદેશી કેદીઓ છે, જેમાંથી ૨,૫૦૮ વિદેશી કેદીઓ (આશરે ૩૬ ટકા) પશ્ચિમ બંગાળની જેલમાં કેદ છે. પશ્ચિમ બંગાળની જેલમાં ૨૫૭૭૪ કેદીઓ બંધ છે. જેમાંથી ૯ ટકા વિદેશી નાગરિક છે. જેમાં સૌથી વધુ ગુનેગાર બાંગ્લાદેશના છે. પશ્ચિમ બંગાળની જેલમાં ૭૭૮ બાંગ્લાદેશીઓ વિરૂદ્ધ ગુના સાબિત થઈ ચૂક્યા છે અને ૧૪૪૦ કેદીઓના કેસ ચાલી રહ્યા છે. આ સિવાય જેલમાં બંધ સૌથી વધુ વિદેશી કેદીઓની સંખ્યામાં મ્યાનમાર બીજા ક્રમે છે. ભારત અને બાંગ્લાદેશ વચ્ચેની સરહદ વિશ્વની પાંચમી સૌથી લાંબી આંતરરાષ્ટ્રીય સરહદ છે, જે લગભગ ૫,૦૦૦ કિલોમીટર સુધી ફેલાયેલી છે. તેમાંથી મોટાભાગની સરહદ પશ્ચિમ બંગાળમાં આવેલી છે. આ જ કારણ છે કે ઘણા બાંગ્લાદેશીઓ ગેરકાયદેસર રીતે પશ્ચિમ બંગાળમાં પ્રવેશ કરે છે, અને તેમની ધરપકડ થાય છે. આ વિદેશી કેદીઓમાં ઘણી મહિલાઓ પણ સામેલ છે. એનસીઆરબીના અહેવાલ મુજબ, પશ્ચિમ બંગાળની જેલ કેદીઓથી ભરચક છે. ૨૦૨૩ સુધીમાં જેલની વસ્તી ૧૨૦ ટકા સુધી પહોંચવાનો અંદાજ છે. રાજ્યની ૬૦ જેલોમાં ૨૧,૪૭૬ કેદીઓની ક્ષમતા છે, પરંતુ તેમાં ૨૫,૭૭૪ કેદીઓ બંધ છે. પશ્ચિમ બંગાળની જેલ વિશે વધુ નોંધનીય બાબત જાણવા મળી છે કે, દેશની તમામ જેલ પૈકી એકમાત્ર પશ્ચિમ બંગાળની એકમાત્ર મહિલા જેલમાં મહિલા કેદીની સંખ્યા વધુ છે. જ્યાં ૧૧૦ ટકાથી વધુ કેદી મહિલા છે. કુલ ૭૯૬ મહિલા કેદીઓ છે, જેમાં ૨૦૪ વિદેશી અને ૧૨ ટ્રાન્સજેન્ડર મહિલા સમાવિષ્ટ છે.

# ભારતમાં શક્તિ તો ચીનમાં મેટમો વાવાઝોડાનો ખતરો

### ગ્વાંગડોંગ અને હેનાનના કેટલાક ભાગોમાં ૧૦૦થી ૨૪૯ મિલીમીટર જેટલો વરસાદ થવાની શક્યતા છે



। (એજન્સી) બેઈજીંગ, તા.૬ ।

એક તરફ ભારતમાં શક્તિ વાવાઝોડાનો ખતરો મંડરાઈ રહ્યો છે, ત્યારે ચીનમાં મેટમો વાવાઝોડા (Typhoon Matmo)એ લેન્ડફોલ થતાં પહેલા જ પોતાનું જોર બતાવાનું શરૂ કરી દીધું છે. વાવાઝોડુંને લઈને તંત્ર એલર્ટમાં છે. રવિવારે (૫ ઓક્ટોબર) સરકારે ગ્વાંગડોંગ અને હેનાન વિસ્તારોના લગભગ ૩.૪૭ લાખ લોકોને તાત્કાલિક સ્થળાંતર કરવાનો આદેશ આપ્યો હતો. ચીનના રાષ્ટ્રીય હવામાન કેન્દ્ર અનુસાર, રવિવારે સવારે મેટમોની મહત્તમ સતત પવનની ગતિ ૧૫૧ કિલોમીટર પ્રતિ કલાક હતી. વાવાઝોડું રવિવારે બપોરના સુમારે ગ્વાંગડોંગના ઝાનઝિયાંગ વિસ્તારમાં પહોંચ્યું હતું. મેટમો તુફાનને લઈને ચીનના હવામાન વિભાગે રેડ એલર્ટ જાહેર કરીને ચેતવણી આપી છે. તુફાનને લઈને ગત શનિવાર(૪ ઓક્ટોબર)થી હેનાન પ્રાંતથી ફ્લાઈટ્સ રદ કરી દેવામાં આવી છે. જ્યારે સાર્વજનિક પરિવહન અને વ્યવસાયોને બંધ કરવામાં આવ્યા છે. ધ પેપર અનુસાર, પ્રભાવિત વિસ્તારના ૧,૯૭,૮૫૬ જેટલાં લોકોને સલામત સ્થળે સ્થાળાંતર કરી દેવામાં આવ્યા છે. મેટમોના કારણે ગ્વાંગડોંગના દક્ષિણ-પશ્ચિમ વિસ્તારોને પ્રભાવિત કર્યા છે. જ્યાંથી લગભગ ૧.૫૧ લાખ લોકોનું સ્થાળાંતર કરાયુ છે. સ્થાનિક મીડિયા મુજબ, ઝાનઝિયાંગના કાંઠાના વિસ્તારોમાં રસ્તા પર દરિયાના પાણી ફરી વળ્યું હોવાના વીડિયો સામે આવ્યા છે. વાવાઝોડાને લઈને હવામાન વિભાગે ભારે વરસાદની ચેતવણી આપી છે. જેમાં ગ્વાંગડોંગ અને હેનાનના કેટલાક ભાગોમાં ૧૦૦થી ૨૪૯ મિલીમીટર (૪ થી ૧૦ ઈંચ) જેટલો વરસાદ થવાની શક્યતા છે. ભારે પવન સાથે વરસાદની સ્થિતિને ધ્યાનમાં રાખીને સ્થાનિક તંત્ર દ્વારા શિક્ષણ અને ટ્યુશન ક્લાસ રદ કરવામાં આવ્યા હોવાનું સામે આવ્યુ છે. આ અઠવાડિયાની શરૂઆતમાં મેટમો ફિલિપાઈન્સમાંથી પસાર થયું હતું. જ્યારે કોઈ મોટી જાનહાનિ કે સંપ ત્તિનું નુકસાન થયું ન હતું. પરંતુ વાવાઝોડાના કારણે પાંચ ઉત્તરીય કૃષિ મેદાનો અને પર્વતીય પ્રદેશોમાં ૨૨૦,૦૦૦ થી વધુ લોકોને અસર પહોંચી હતી.

## તંત્રી લેખ...

# અમેરિકામાં દાઢી રાખવા પર પ્રતિબંધ, શીખ સૈનિકોમાં ચિંતા

યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ ડિફેન્સ (પેન્ટાગોન) ની નવી ગ્રુમિંગ નીતિએ શીખ, મુસ્લિમ અને યહૂદી જેવા ધાર્મિક લઘુમતી સમુદાયોમાં વ્યાપક ચિંતા પેદા કરી છે. સંરક્ષણ સચિવ પીટ હેગસેથ દ્વારા જાહેર કરાયેલા તાજેતરના મેમોમાં લશ્કરી દાઢી મુક્તિને વર્ચ્યુઅલ રીતે દૂર કરવામાં આવી છે, જે ધાર્મિક આધાર પર દાઢી રાખનારા સૈનિકોની સેવાને જોખમમાં મૂકે છે. આ નીતિ ૨૦૧૦ પહેલાના ધોરણો પર પાછા ફરવાનો આદેશ આપે છે, જેમાં દાઢીની છુટને "સામાન્ય રીતે મંજૂરી નથી''. ૩૦ સપ્ટેમ્બરના રોજ મરીન કોર્પ્સ બેઝ ક્વોન્ટિકોમાં ૮૦૦થી વધુ સિનિયર લશ્કરી અધિકારીઓને સંબોધતા, હેગસેથે દાઢી જેવા "સુપરફિસિયલ વ્યક્તિગત અભિવ્યક્તિઓ'' નાબૂદ કરવાની જાહેરાત કરી. તેમણે કહ્યું, "આપણી પાસે નોર્ડિક મૂર્તિપૂજકોની સેના નથી.'' તેમના ભાષણના થોડા કલાકો પછી, પેન્ટાગોને તમામ લશ્કરી શાખાઓને એક નિર્દેશ જાહેર કર્યો, જેમાં ધાર્મિક મુક્તિઓ સહિત મોટાભાગની દાઢી મુક્તિઓને ૬૦ દિવસની અંદર નાબૂદ કરવાનો આદેશ આપવામાં આવ્યો. આ નીતિ સ્થાનિક વસ્તીમાં ભળી જવાના હેતુથી સ્પેશિયલ ફોર્સિસ સૈનિકોને આપવામાં આવેલી કામચલાઉ મુક્તિઓ સિવાયની બધી છૂટોને અસર કરશે. અગાઉ, ૨૦૧૭માં સેનાએ નિર્દેશ દ્વારા શીખ સૈનિકો માટે દાઢી અને પાઘડી માટે કાયમી મુક્તિઓને ઔપચારિક બનાવી હતી. તેવી જ રીતે, મુસ્લિમ, રૂઢિચુસ્ત યહૂદી અને નોર્સ મૂર્તિપૂજક સૈનિકોને ધાર્મિક મુક્તિઓ હતી. જુલાઈ ૨૦૨૫માં સેનાએ તેની ચહેરાના વાળ નીતિ અપડેટ કરી પરંતુ ધાર્મિક મુક્તિઓ જાળવી રાખી. જોકે નવી નીતિ આ પ્રગતિશીલ ફેરફારોને ઉલટાવી રહી છે. ૧૯૮૧ના સુપ્રીમ કોર્ટના નિર્ણય ગોલ્ડમેન વિરુદ્ધ વેઈનબર્ગરથી પ્રેરિત કડક ગ્રુમિંગ નિયમો તરફ પાછા ફરી રહી છે. યુએસ સૈન્યમાં શીખોના અધિકારો માટે અગ્રણી હિમાયતી સંગઠન, શીખ ગઠબંધન, હેગસેથની ટિપ્પણીઓ પર "ગુસ્સો અને ઊંડી ચિંતા'' વ્યક્ત કરી. સંગઠન અનુસાર શીખોના કેશ (કાપેલા વાળ) તેમની ઓળખનો એક અભિન્ન ભાગ છે અને આ નીતિ સમાવેશ માટે વર્ષોના સંઘર્ષને દર્શાવે છે. એક શીખ સૈનિકે ઠ પર લખ્યું, "મારા કેશ મારી ઓળખ છે. સમાવેશ માટે લડ્યા પછી આ વિશ્વાસઘાત જેવું લાગે છે.'' શીખો પ્રથમ વિશ્વયુદ્ધથી યુએસ સૈન્યમાં સેવા આપી રહ્યા છે. ૧૯૧૭ માં, ભગત સિંહ થિંડ યુએસ સૈન્યમાં ભરતી થનારા અને પાઘડી પહેરવાની પરવાનગી મેળવનારા પ્રથમ જાણીતા શીખ હતા. ૧૯૮૧ પછી કડક નિયમો હોવા છતાં, ૨૦૧૧માં રબ્બી મેનાકેમ સ્ટર્ન, ૨૦૧૬ માં કેપ્ટન સિમરતપાલ સિંહ અને ૨૦૨૨ માં સિંઘ વિરુદ્ધ બર્ગરમાં કોર્ટના નિર્ણયોએ શીખોના દાઢી અને પાઘડી રાખવાના અધિકારોને મજબૂત બનાવ્યા. શીખ ગઠબંધને કહ્યું કે દાઢી રાખવી એ લશ્કરી સેવામાં અવરોધ નથી. કારણ કે શીખ સૈનિકોએ ગેસ માસ્ક ટેસ્ટ પાસ કર્યો છે.

## શહેરી વિકાસ વર્ષ" નિમિત્તે અમદાવાદમાં ૭૫ સ્થળો પર કલાત્મક પેઇન્ટિંગ દ્વારા "વિકાસ સપ્તાહ" ની વિશેષ ઉજવણી : નાગરિકોને સહભાગી થવા અપીલ કરાઈ

। (માહિતી) અમદાવાદ, તા.૦૬ ।

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન "નાગરિક પ્રથમ અભિગમ" સાથે શરૂ થયેલ ગુજરાત રાજ્યે વિકાસની અવિરત યાત્રા સફળતાપૂર્વક પૂર્ણ કરી છે. આ ગૌરવપૂર્ણ સિદ્ધિની ઉજવણી કરવા અને 'વિકસિત ગુજરાત' ના લક્ષ્યને વધુ મજબૂત કરવાના ઉદ્દેશ્ય સાથે રાજ્ય સરકારે દર વર્ષે ૭ થી ૧૫ ઓક્ટોબર દરમિયાન "વિકાસ સપ્તાહ'' ની ઉજવણી કરવાનો નિર્ણય લીધો છે. જેમાં વર્ષ ૨૦૨૫ને "શહેરી વિકાસ વર્ષ'' તરીકે જાહેર કરવામાં આવ્યું હોવાથી વિકાસ સપ્તાહ ૨૦૨૫ દરમિયાન ૧૨ અને ૧૩ ઓક્ટોબરના દિવસોને થીમેટીક દિવસો તરીકે વિશેષ રીતે ઉજવવામાં આવનાર છે.વિકાસ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે ૧૨ ઓક્ટોબર, ૨૦૨૫ ના રોજ પ્રથમ દિવસે, અમદાવાદ શહેરને સૌથી સુંદર બનાવવાના હેતુથી યુવા વર્ગની સક્રિય સહભાગિતા સાથે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં મહત્વના સ્થળોનું સુશોભન અને ભીંત ચિત્રો (વોલ મ્યુરલ્સ) બનાવવાનો કાર્યક્રમ મુખ્ય છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (છસ્ઝ) દ્વારા શહેરના ૦૭ ઝોનમાં કુલ ૭૫ જેટલાં મહત્વના લોકેશનો નક્કી કરવામાં આવ્યા છે, જ્યાં નાગરિકો અને શૈક્ષણિક સંસ્થાઓનાં વિદ્યાર્થીઓને જોડીને કલાત્મક વોલ મ્યુરલ્સ પેઈન્ટિંગ કરાવવામાં આવશે. આ સાથે એ.મ્યુ.કો.ના બ્રીજ પ્રોજેક્ટ ખાતા દ્વારા પણ શહેરની હદ વિસ્તારમાં આવેલા જુદા જુદા બ્રીજોની શોભા વધારવા માટે આયોજન કરવામાં આવ્યું છે. આ યોજના હેઠળ, પકવાન અને ઈસ્કોન જંકશન પરના બ્રીજના ક્રેશ બેરીયર પર ડિજિટલ પેઈન્ટિંગ કરવાની કામગીરી હાથ ધરવામાં આવશે.

આ અભિયાન દ્વારા શહેરની દીવાલોને કલાત્મક રીતે પેઈન્ટિંગ કરીને અમદાવાદને વધુ સુંદર અને આકર્ષક બનાવવાની પહેલ કરવામાં આવી છે. અમદાવાદ શહેરને કલાત્મક રીતે વધુ સુંદર બનાવવાની આ પહેલને આવકારવા અને વિકાસ સપ્તાહની વિશેષ ઉજવણીમાં સહભાગી થવા માટે શહેરના તમામ યુવા વર્ગ, શૈક્ષણિક સંસ્થાઓનાં બાળકો અને જાગૃત નાગરિકોને મોટી સંખ્યામાં ઉત્સાહપૂર્વક જોડાવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનાં સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા નમ્ર અપીલ કરવામાં આવે છે. આ સાથે એ.મ્યુ.કો.ના બ્રીજ પ્રોજેક્ટ ખાતા દ્વારા પણ શહેરની હદ વિસ્તારમાં આવેલા જુદા જુદા બ્રીજોની શોભા વધારવા માટે આયોજન કરવામાં આવ્યું છે. આ યોજના હેઠળ, પકવાન અને ઈસ્કોન જંકશન પરના બ્રીજના ક્રેશ બેરીયર પર ડિજિટલ પેઈન્ટિંગ કરવાની કામગીરી હાથ ધરવામાં આવશે. આ અભિયાન દ્વારા શહેરની દીવાલોને કલાત્મક રીતે પેઈન્ટિંગ કરીને અમદાવાદને વધુ સુંદર અને આકર્ષક બનાવવાની પહેલ કરવામાં આવી છે. અમદાવાદ શહેરને કલાત્મક રીતે વધુ સુંદર બનાવવાની આ પહેલને આવકારવા અને વિકાસ સપ્તાહની વિશેષ ઉજવણીમાં સહભાગી થવા માટે શહેરના તમામ યુવા વર્ગ, શૈક્ષણિક સંસ્થાઓનાં બાળકો અને જાગૃત નાગરિકોને મોટી સંખ્યામાં ઉત્સાહપૂર્વક જોડાવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનાં સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા નમ્ર અપીલ કરવામાં આવે છે.

**નરસિંહ આ મહારાસ જોવામાં એવાં તલ્લીન થઇ ગયા કે તેના હાથમાં પકડેલી મસાલાથી તેમનો હાથ પણ સળગી ગયો**

# શરદ પૂર્ણિમા આપણને નરસિંહ અને વાલ્મિકી એમ બે આદિકવિની યાદ અપાવે છે



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)



**તેમણે ત્યાર બાદ તમસા નદીને કિનારે પોતાનો આશ્રમ બનાવ્યો, અને ભારદ્વાજ ઋષિ તેમના મુખ્ય શિષ્ય હતા. એકવાર નદીમાં સ્નાન કરવા જતાં સમયે સામેના ઝાડ પર કૌચ નામના પક્ષી યુગલનો નર કામાસક્ત બન્યો, ત્યાં જ એક પારધિએ તેને બાણ માર્યું, અને તે મૃત્યુ પામે છે, આથી તેનું સાથી દુખી થઇને વિલાપ કરે છે, જે જોઇને વાલ્મીકિ ઋષિના મોઢામાંથી કરુણતાને કારણે એક શ્લોક સરી પડ્યો.**

બાડા ગામમાં બે બારસ ! એ મુજબ બે શરદપૂર્ણિમા છે, અને આપણે ત્યાં આ પર્વ બે ઋષિઓની કે આદિકવિની યાદ અપાવે છે. એક તો આદિકવિ વાલ્મિકી, અને બીજા નરસિંહ મહેતા. તા ૪/૧૦ થી ગોપનાથમાં બાપુએ કથામાં નરસિંહની સ્મૃતિને વળી એકદમ તીવ્ર બનાવી દીધી. જોકે આજ સુધી નરસિંહને કોઈએ આદિકવિ કહ્યાં, કોઈએ ભગત કહ્યાં, તો કોઈએ વેદાંતી પણ કહ્યાં, પરંતુ ઋષિ કદાચ કોઈએ નહીં કહ્યા હોય! ઋષિ એટલે મંત્ર દ્રષ્ટા એવું કહ્યું છે! અને મંત્રનો એક અર્થ વિચાર થાય! પરબ્રહ્મ કહો, બ્રહ્મ કહો, ઈશ્વર કહો, એને વિશે સીધાસાદા શબ્દોમાં અને સાવ અભણને પણ સમજાવી શકે, એવી વેદવેદાંત કે ઈશ્વરની વ્યાખ્યા નરસિંહે પોતાના પદમાં કરીને ઈશ્વરને ઘર ઘરમાં રમતો કર્યો એ નાગર નરસિંહને ઋષિ કહેવામાં મને કોઈ આપત્તિ નથી.

વાલ્મિકી ઋષિ કે જેને મહર્ષિની ઉપાધિ પ્રાપ્ત થઈ છે, અને એનાં જન્મ વિશે આજે પણ મતમતાંતર ચાલે છે. પરંતુ આદિકવિ વાલ્મિકી રામાયણના પ્રથમ રચયિતા છે, અને કહેવાય છે કે રામાવતારના ૬૦ વર્ષ પૂર્વે તેમણે આ રામાયણની રચના કરી હતી. મહાન ભારતીય મહાકાવ્ય રામાયણના લેખક, વાલ્મિકી ઋષિ પ્રથમ સહસ્ત્રાબ્દીની શરૂઆતની આસપાસ જીવતા હતા. તેમને 'હિંદુ' શ્લોકના મૂળ નિર્માતા 'આદિકવિ' તરીકે પણ ઓળખવામાં આવે છે. એમણે જ અનુષ્ટુપ છંદની રચના કરી હતી, અને એમને કારણે જ શ્લોક સ્વરૂપ રામાયણ, મહાભારત, પુરાણો અને અન્ય કૃતિઓ જેવા મહાન મહાકાવ્યો બનેલા છે.

પ્રચેતા નામના બ્રાહ્મણને ત્યાં આસો સુદ પૂનમના દિવસે તેમનો જન્મ થયો હતો, અને તેનું નામ રત્નાકર રાખવામાં આવે છે, આ ઉપરાંત તે પોતાના પિતાના નામ પ્રમાણે પ્રાચેતસ નામથી પણ ઓળખાય છે.તેના માતા-પિતા તપ કરવા જંગલમાં જાય ત્યારે પોતાના બાળકને જંગલમાં જ છોડી દે છે. એક ભીલ દંપતી તેને ધનુર્વિદ્યામાં પારંગત બનાવીને આગળ ઉપર પોતાની કમાણી માટેનું સાધન બનાવે છે. આમ એક બ્રાહ્મણનું સંતાન અયોગ્ય ઉછેરને કારણે વાલીયા નામનો લુટારો બને છે, જે અરણ્યમાં આવતા લોકોને બાણ મારીને લૂંટીને તેનું ઘર પરિવાર ચલાવે છે. એકવાર અરણ્યમાં નરેડા નામના મહર્ષિ આવે છે , અને વાલિયા લૂંટારાને પાપ કર્મથી બચાવે છે. વાલિયો મહર્ષિને કહે છે તમે મોહ માયાથી અંધ બનેલી આંખો ખોલી નાખી, હવે હું આવુ પાપ કર્મ નહિ કરું, અને ભગવાનનુ તપ કરીશ. મહર્ષિ જતા જ વાલીઓ લૂંટારો એ સ્થાન પર બેસી જાય છે. અન્ન જળ ત્યાગીને ભગવાનનું તપ કરવા લાગે છે, અને તેની પર રાફડો જામતો જાય છે.રાફડાને સંસ્કૃતમાં વાલ્મિક કહેવામાં આવે છે, માટે ત્યારથી તેનું નામ વાલ્મીકિ પડે છે.

તેમણે ત્યાર બાદ તમસા નદીને કિનારે પોતાનો આશ્રમ બનાવ્યો,અને ભારદ્વાજ ઋષિ તેમના મુખ્ય શિષ્ય હતા. એકવાર નદીમાં સ્નાન કરવા જતાં સમયે સામેના ઝાડ પર કૌચ નામના પક્ષી યુગલનો નર કામાસક્ત બન્યો, ત્યાં જ એક પારધિએ તેને બાણ માર્યું,અને તે મૃત્યુ પામે છે, આથી તેનું સાથી દુખી થઈને વિલાપ કરે છે,જે જોઈને વાલ્મીકિ ઋષિના મોઢામાંથી કરુણતાને કારણે એક શ્લોક સરી પડ્યો.

મા નિષાદ પ્રતિષ્ઠાં ત્વમગમઃ શાશ્વતીઃ સમાઃ,

યત્ક્રૌચંમિથુનાદેકમ્ અવધીઃ કામમોહિમ્

આમ અનુષ્ટુપ છંદની રચના થઈ, ઋષિને પોતે ઋષિ હોવા છતાં આમ પારધિને શ્રાપ આપી દીધાની વેદના પણ થઈ. તેમણે નારદમુનીને પોતાની આ વેદના કહી, અને નારદજી એ આ શ્લોકને જન જન સુધી પહોંચાડવા માટેનો અનુરોધ કર્યો, અને એ રીતે રામાયણના મહાકાવ્યની રચના વાલ્મીકિ ઋષિના હાથે થઈ.

નરસિંહ એક આદિકવિ, નરસિંહ ગોપનાથ મહાદેવમાં ભગવાન આશુતોષ ધ્યાન ધર્યું, અને ખૂબ આકરી ત્રણ દિવસની તપશ્ચર્યા કરી ત્યારે ભગવાન પ્રસન્ન થયા, અને તેમણે નરસૈંયાને શ્રીકૃષ્ણ રચિત મહારાસનાં દર્શન કરાવ્યાં, એ દિવસ શરદ પૂર્ણિમાનો દિવસ હતો અને ત્યારથી આપણે ત્યાં શરદ પૂનમે રાસનું મહત્વ છે. નરસિંહે પણ પોતાની આ અનૂભૂતિ ને શબ્દમા વણી છે, મહારાસની આપણે ત્યાં એક પરિકલ્પના છે, કે વૃંદાવનમાં ગોપીઓને કાન રાધા સાથે જ રાસ રમે છે, એવી એક સૌથી મોટી ફરિયાદ હતી, અને ભગવાન કૃષ્ણ એક એક કાન્હને એક એક ગોપી એવો મહારાસ રમ્યા હતાં,આ દર્શન જોવા માટે દેવતાઓ પણ વિહ્વળ બનતાં. ભગવાન શંકર પણ ગોપી વેશ ધારણ કરી અને આ મહારાસ જોવા ગયા હતાં, કારણકે સ્ત્રી સિવાય કોઈ પણના પ્રવેશ પર પ્રતિબંધ હતો. નરસિંહ આ મહારાસ જોવામાં એવાં તલ્લીન થઈ ગયા કે તેના હાથમાં પકડેલી મસાલાથી તેમનો હાથ પણ સળગી ગયો, છતાં એ તલ્લીનતાનો ભંગ થયો નહીં. એ દિવસથી નરસિંહના જીવનમાં રાધાકૃષ્ણનાએ અમર પ્રેમની પરમ ભક્તિનું બીજ અંકુરિત થયું. નરસિંહની ચેતના વૃંદાવનમાં જ વસી ગઈ, અને શ્યામ સંગ વ્રજવનિતા બની ખૂબ પ્રણય રાગ આલાપ્યો. ભક્ત અને ભગવાન વચ્ચેના અમર તથા પરમ પ્રેમનો સંબંધ અહીં જોવા મળે છે, કે જ્યાં નર નારી નો લીંગ ભેદ પણ ગૌણ છે. આજે આપણે કવિતા અને છંદના બંધારણ જાણતા થયાં, પરંતુ નરસિંહની એકોએક રચના મોટેભાગે છંદમાં જોવા મળે છે, અને તેને પ્રેમ લક્ષણા ભક્તિ કહેવામાં આવે છે. બાપુ કહે છે તેમ પ્રેમ હોય ત્યાં અછાંદસ એટલે લય વગરનું કંઈ હોય જ નહિ, બધું છંદ એટલે કે સુમેળ લય ભર્યું હોય. નરસિંહની કેટલીયે રચના કે જે આપણને અંતરતમ જગાડવા માટે પર્યાપ્ત છે. આ ઉપરાંત નરસિંહ મહેતાએ શૃંગારના પદ લખી અને લોકને ચકિત કરી દીધું છે, એટલે કે ભક્તિની પરાકાષ્ઠાએ જીવ ઈશ્વરની પ્રિયતમા પણ બની શકે, અને તેની પર અધિકાર પણ જમાવી શકે, તેને પ્રશ્નાર્થ પણ કરી શકે, તેને ફરિયાદ કરી શકે, અને હક જતાવી શકે. મેં પણ માનસ નાગર કથા વખતે નરસિંહને વાંચ્યા, જાણ્યાં ને માણ્યાં ત્યારથી નરસૈયાની નજરથી જ કૃષ્ણને જોયો છે, આલેખ્યો છે, અને થોડોઘણો આત્મસાત પણ કર્યો છે,એ બધી નરસિહની કૃપાનું પરિણામ છે.

મહારાસના દર્શન કર્યા પછી નરસૈયાએ નાગર નંદજીના લાલ નાગર નંદજીના લાલ, રાસ રમંતા મારી નથડી ખોવાણી, આ રાસની રચના કરી, અને પોતાના મનોભાવનુ આબેહૂબ વર્ણન કર્યું. નથડી એટલે કે તેનું ચિત્ત મહારાસના દર્શન પછી ખોવાઈ ગયું, એવી ભૂમિકા પર આ રાસની રચના થઈ છે. પૂનમનો ચાંદ માનવીય મનને પ્રભાવિત કરનાર છે, કારણકે મન ચંદ્રની કળાઓ સાથે જોડાયેલું હોય છે, અને તેથી જ તેમાં ખુશી અને ઉદાસી એટલે કે ચડતી કળા અને ઉતરતી કળા જેવા ભાવ જોવા મળે છે

સાગર ચંદ્રમાનું પૂર્ણ તેજસ્વી સ્વરૂપ જોઈને ગાન્ડોતૂર થાય છે, અને તેથી પૂનમે ભરતી અને અમાસે ઓટ હોય છે. કામ ભાવની વૃદ્ધિ કરનાર પુનમને દિવસે મન કાબૂમાં રહે, એ માટે જ મહારાસ એટલે કે આત્મા-પરમાત્મા અને પ્રકૃતિ ત્રણેના મિલનનો સંયોગ એટલે કે શરદ પૂર્ણિમાની રાતનો મહારાસ છે, જ્યાં જીવ પ્રકૃતિ સાથે પરમ તત્વમાં તલ્લીન થઈ જાય છે, એટલે કે સ્વયંની જે પ્રકૃતિ હોય તે ભૂલીને કૃષ્ણ તત્વમાં સમાય જાય છે, મહારાસ હશે જ એવો કે જ્યાં સૌ કોઈ ભાન ભૂલી જાય, એટલે જ તો નરસૈયો પણ ભાન ભૂલી જાય છે, અને હાથ સળગી જાય છે. સૂક્ષ્મ રીતે આ ઘટનાને જોઈએ તો નરસિંહ મહેતાએ દેહને સળગાવ્યા પછીની મુક્તિની અવસ્થાનો જીવતા આનંદ લીધો, એવું પણ આપણે કહી શકીએ. ગોપી ઓનાં વસ્ત્રો પડતા પણ દેખાડ્યા છે, એટલે કે સ્ત્રી લીંગ ,પુ લીંગની આપણી માનસિકતા એ બધું જ છૂટે તો જ મહારાસ એટલે કે જીવન મુક્તિના રાસમાં પ્રવેશ મળે. આપણામાં આવી જાગૃતિ જલ્દી આવે, અને સમયની હવે પછીની એક પણ ક્ષણ બગડે નહીં, એમ આપણે પણ જાગૃત રહીને શરદની ચાંદની એવાં અહેસાસ તળે પરમ પ્રેમમાં વીતાવીને આ શરદપૂર્ણિમાને ઉજવીએ.

**વિદ્યારણ્ય કહે, માતાજી, હું શુદ્ધ થયોછું.મારે હવે કાંઈ માગવું નથી, તે પછી તેમણે પંચદશી નામના વેદાંતનો ઉત્તમ ગ્રંથ લખ્યો**

# પાપ કરતાં મનને ખટકો લાગે, તો સમજવું કે પ્રભુની પૂર્ણ કૃપા થઈ છે.પાપ ન કરો એ જ મહાન પુણ્ય છે



વિશેષ
ચરણપાલસિંહ ડી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**પરોપકારથી ઈશ્વરપ્રાપ્તિ થતી નથી. ઘણીવાર પરોપકાર ઈશ્વર પ્રાપ્તિમાં બાધક નીવડે છે. ભરત મુનિની જેમ.મનુષ્યના દુ:ખનું કારણ તેનો સ્વભાવ છે.સ્વભાવને સુધારવો કઠણ છે. તીર્થસ્થાનથી, વિષ્ણુ યોગ કરવાથી સ્વભાવ સુધરતો નથી. પણ પરમાત્માનાં ધ્યાન, જપથી સ્વભાવ સુધરે છે. પાપની આદત ભગવાનના નામના જપથી અને આખરે ભાગવત્ કૃપા થવાથી છૂટે છે.**

ભગવદ્ ગીતા જ્ઞાનમાં આજે જોઈએ તો વિદ્યારણ્ય સ્વામી ગાયત્રી માતાને કહે છે, માતાજી, જ્યારે જરૂર હતીત્યારે તમે મારા પર કેમપ્રસન્ન ન થયાં?ગાયત્રી માતા કહે છે,તું જ પાછળ જો!વિદ્યારણ્ય સ્વામીએ પાછળજોયું તો તેમણેચોવીસ પહાડોને બળતા જોયા. માતાજીએ કહ્યું,તારાં અનેક જન્મોનાં પાપો તપશ્ચર્યાથી બળી રહ્યાં છે.ચોવીસ પર્વતો જેટલાં તારાં પાપોનો ક્ષય થયો એટલે હું તરત આવી. જ્યાં સુધી પાપનો ક્ષય ન થાય અને જીવ શુદ્ધ ન થાય ત્યાં સુધી મારાં દર્શન થતાં નથી.

વિદ્યારણ્ય કહે, માતાજી, હું શુદ્ધ થયોછું.મારે હવે કાંઈ માગવું નથી

તે પછી તેમણે પંચદશી નામના વેદાંતનો ઉત્તમ ગ્રંથ લખ્યો.

પ્રચેતાઓને ભગવાન નારાયણનાં દર્શન થયાં. નારાયણે આજ્ઞા કરી કે,તમે લગ્ન કરો. આ જીવાત્મા અનેક જન્મોથી કામવાસના ભોગવતો આવ્યો છે.તે કામસુખ ની સૂક્ષ્મ વાસના લગ્નથી દૂર થાય છે.

ગૃહસ્થાશ્રમનું વાતાવરણ એવું છે કે, વિષમતા કર્યા વગર ચાલતું નથી. જે એક આસને બેસીને રોજ ત્રણ કલાક ભાગવત સ્મરણ કરે તેને ભગવાન પાપ કરતાં અટકાવે છે. ભગવાન તમારી પાસે સંપત્તિ માગતા નથી, પણ સમય માગે છે. તેમને માટે સમય કાઢવો જોઈએ.પાપ કરતાં મનને ખટકો લાગે,તો સમજવું કે પ્રભુની પૂર્ણ કૃપા થઈ છે. પાપ ન કરો એ જ મહાન પુણ્ય છે. પાપની મા છે મમતા અને બાપ છે લોભ. તેનો ત્યાગ કરજો. પ્રભુસેવામાં જગત સેવા છે. પ્રભુ સેવા વગર દેશસેવા પણ સફળ થશે નહીં.માટે રઘુનાથની કૃપા મેળવવા હંમેશા પ્રયત્ન કરવો, કારણ આકાશમાં જેટલા તારા છે એટલા દુશ્મનો હશે તો પણ રામજીની કૃપાથી મારો વાળવાંકો નહીં થાય.

પરોપકારથી ઈશ્વરપ્રાપ્તિ થતી નથી. ઘણીવાર પરોપકાર ઈશ્વર પ્રાપ્તિમાં બાધક નીવડે છે. ભરત મુનિની જેમ.મનુષ્યના દુ:ખનું કારણ તેનો સ્વભાવ છે.સ્વભાવને સુધારવો કઠણ છે. તીર્થસ્થાનથી, વિષ્ણુ યોગ કરવાથી સ્વભાવ સુધરતો નથી. પણ પરમાત્માનાં ધ્યાન, જપથી સ્વભાવ સુધરે છે. પાપની આદત ભગવાનના નામના જપથી અને આખરે ભાગવત્ કૃપા થવાથી છૂટે છે.

પ્રચેતાઓના ચરિત્રમાં ગૃહસ્થોને બોધ આપ્યો છે.ભગવાન કહે છે. ત્રણ કલાક તમે મારી પાછળ આપો,તો બાકીના એકવીસ કલાક હું તમારું ધ્યાન રાખીશ. જે પુરુષો સમર્પણ બુદ્ધિથી કર્મો કરે છે અને જેઓનો સમય મારી કર્થા-વાર્તાઓ કરવામાં પસાર થાય છે,તેઓ ગૃહસ્થાશ્રમમાં રહે તો પણ ઘર તેમને બંધનરૂપ થતું નથી.એનો અર્થ એ કે બાકીનાને ઘર બંધન રૂપ થાય છે.

સંતતિ અને સંપત્તિ દરેકને પૂર્વના પ્રારબ્ધ કર્મ અનુસાર મળે છે, તેથી તેમાં મનુષ્યે હર્ષશોક કરવો નહીં. તેની ચિંતા છોડી ભાગવત ભજનમાં લાગી જવું.

મન શુદ્ધ થાય ત્યારે જાણજો કે, ઈશ્વરકૃપા થઈ. બાકી મનુષ્યવૃત્તિ એરણની ચોરી કરી સોયનું દાન કરવાની હોય છે.એવી વૃત્તિ છોડવી જોઈએ અને માટી,પથ્થર અને સોનું સરખાં ગણવાની દૃષ્ટિ કેળવવી જોઈએ.રાંકા બાંકાજેવી અનાસક્તિ કેળવવી જોઈએ.

એક સમય રાંકાઅને બાંકા નામના પતિ-પત્ની રસ્તેથી પસાર થઈ રહ્યાં હતાં.રાંકા આગળઅનેબાંકા તેની પાછળ. રસ્તામાં રાંકાએ સોનાનો હાર જોયો. તેને થયું કે આ બાંકાની દૃષ્ટિ આ સોનાનો હાર જોઈ બગડશે. તેથી તેણે હાર ઉપર ધૂળ વાળવા માંડી તેને તેમ કરતો જોઈ બાંકાએ કહ્યું અરે,તમે ધૂળ ઉપર ધૂળ શું કરવા વાળો છો?એનો અર્થએકે રાંકાના મનમાં આ સોનું છે,આ ધૂળ છે, એવી ભાવના હતી. બાંકામાં ન હતી. તું મારા કરતાં વધી, તારો વૈરાગ્ય આવો બાંકો છે.કરેલા સત્કર્મને-પુણ્યને ભૂલી જાવ. પુણ્યનો અહંકાર સારો નથી. આ અહંકાર ગયા વિના ચિત્તશુદ્ધિ શક્ય નથી. માટે પુણ્ય ભૂલી જાવ, પરંતુ કરેલાં પાપ યાદ રાખો. આ વિશે યયાતિ રાજાનું દૃષ્ટાંત છે.

યયાતિ રાજા કરેલાં પુણ્યોને આધારે સદેહે સ્વર્ગમાં ગયા,ને ત્યાં ઈન્દ્રાસન ઉપર બેસવા ગયા. ઈન્દ્ર ગભરાયા. તે બૃહસ્પતિ પાસે દોડી ગયો. બૃહસ્પતિએ ઈન્દ્રને સલાહ આપી કે, તું યયાતિ રાજાને પૂછી જોકે, તેણે પૃથ્વી ઉપર કયાં કયાં પુણ્યો કર્યા છે કે જેથી તેઓ ઈન્દ્રાસન ઉપર બેસવા માગે છે. જવાબમાં તે પોતાના પુણ્યોનું વર્ણન કરશે એટલે તેનાં પુણ્યોનો ક્ષય થશે. ઈન્દ્રે તે પ્રમાણે કર્યું. યયાતિએ પોતાનાં પુણ્યો સ્વમુખે ગાયાં. પુણ્યો આમ ગવાયાં, એટલે તેનો ક્ષય થયો અને તેનું સ્વર્ગમાંથી પતન થયું.માટે યાદ રાખજો, કરેલાં સત્કર્મો વિશે કોઈને કહેશો નહીં.

ખરી મુદ્દાની વાત એ છે કે, વેદ વેદાંગનું જ્ઞાન હોય અને શાસ્ત્રની બધી વિદ્યા મોઢે હોય, કવિત્વમય વાણીમાં સુંદર ગદ્ય અને પદ્ય કરવાની શક્તિ હોય, તેમ છતાં જો હરિ ચરણોમાં ચિત્ત ન લાગેલું હોય તો આ બધું શા ખપનું છે?


પ્રચેતાઓને ભગવાને લગ્ન કરવાની આજ્ઞા કરી. પ્રચેતાઓ ઘરે ગયા. લગ્ન થયાં.એકએક પુત્ર થયા પછી ફરીથી પ્રચેતાઓ નારાયણ સરોવરના કિનારેઆવ્યા તેઓએ નારદને કહ્યું,ગૃહસ્થાશ્રમ ના વિલાસી અને વિષમ વાતાવરણમાં અમે અમારું સર્વ જ્ઞાન ભૂલી ગયા છીએ, અમારું લક્ષ્ય પણ ભૂલી ગયા છીએ. અમને ફરી ઉપદેશ આપો. જગત માં કેટલાક તો તમે એમને માટે ઘણું કરશોતો પણ તમારું ખરાબ બોલવાના જ એટલે જગતને અને જગતના લોકોને સાંભળ વાની કદી ઈચ્છા રાખશો નહીં, નહીં તો દુ:ખી થશો. આનિંદા પચાવી શકે તેમ નથી. સ્તુતિ પણ પચાવી શકે તેમ નથી.

આખા જગતને કોઈ રાજી કરી શક્યું નથી, તેમ કરવું કઠણ છે. એક સમયે એક બાપ-દીકરો ઘોડાને લઈ જતા હતા. દીકરાએ કહ્યું કે,બાપા,તમે ઘોડા ઉપર બેસો,હું ચાલીશ. બાપ ઘોડા ઉપર બેઠો.આગળ જતાં રસ્તામાં કેટલાક માણસો મળ્યા. કહે, બાપ કેવો નિર્દય છે! નાનો છોકરો તાપમાં ચાલે છે અને પોતે ઘોડા ઉપર બેઠા છે.આ સાંભળી પિતા એ પુત્રને કહ્યું,બેટા, તું ઘોડા ઉપર બેસ, હવે હું ચાલીશ. આગળજતાં રસ્તામાં બીજા માણસો મળ્યા. તેઓ કહે, આ છોકરો નિર્લજ્જ છે! જુવાનજોધ થઈ પોતે ઘોડા ઉપર બેઠો છે અને પોતાના બુઢ્ઢા બાપને ચલાવે છે!આ સાંભળી પિતા-પુત્ર બંને ઘોડા ઉપર સાથે બેઠા. આગળ જતાં રસ્તામાં બીજા માણસો મળ્યા. તેઓ કહે,આ લોકો કેવા નિર્દય છે! બે પાડા જેવા આ બિચારા નાના ટટ્ટુ ઉપર ચડી બેઠા છે. હવે બાપ-દીકરો બંને ટટ્ટુ ઉપરથી નીચે ઊતરી ગયા. હવે તેઓ ઘોડાને દોરીને લઈ જતા હતા. આગળ જતાં રસ્તામાં બીજા માણસો મળ્યા.તેઓ કહે, આ લોકો કેવા મૂર્ખ છે?સાથે ઘોડો છે,પણ ચાલતા જાય છે. એક બેઠો તોય નિંદા,બે બેઠા તોય નિંદા! જગત માં કેવું વર્તન રાખવું તે જ સમજ પડતી નથી.ત્યારે પરમાત્માને પ્રસન્ન કરવા એટલું કઠણ નથી. પરમાત્માને જે પ્રસન્ન કરી શકે તે જગતને પ્રસન્ન કરી શકે છે.કારણ ભગવાન જગતના ઉપાદાનકારણ છે.રામચંદ્રજી કુટિલ સાથે પણ સરળ વ્યવહાર કરે છે ત્યારે શ્રી કૃષ્ણ સરળ સાથે સરળ અને કુટિલ સાથે કુટિલ વ્યવહાર રાખે છે. આ છેબંને અવતારોનોતફાવત જગતને પણ રાજી કરી શક્યા નથી તો મનુષ્ય શું રાજી થવાનો હતો?સમાજને રાજા સુધારી શકે નહીં. સમાજને સંત સુધારી શકે. માટે જગતને ખુશ કરવાની વૃત્તિ છોડી ઈશ્વરને ખુશ કરો, પ્રસન્ન કરો.

### કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા:

# 'મિસ્ટર ખિલાડી'એ સફેદ રણમાં બાઈક રાઈડિંગની મજા માણી

કચ્છ પ્રવાસીયો માટે હંમેશા પહેલી પસંદ રહ્યું છે. સદીના મહાનાયક અમિતાભ બચ્ચન બાદ હવે બોલીવુડના મિસ્ટર ખિલાડી અક્ષય કુમાર પણ કચ્છની સંસ્કૃતિમાં ભાવવિભોર થયો છે.કચ્છનો મહેમાન બનેલા ખિલાડીએ આજે કચ્છના સફેદ રણની પણ મોજ માણી હતી. અક્ષય કુમાર કચ્છની સાથે સાથે ધોળાવીરાના પ્રાચીન અજાયબીઓ અને સિલ-પાર્કના ખૂબ જ વખાણ કર્યા હતાં. અક્ષય કુમારનો આ વીડિયો ગુજરાત ટૂરિઝમના ઓફિશિયલ પેજ પર અપલોડ કરવામાં આવ્યો છે, જ્યાં અક્કીએ વીડિયોમાં કચ્છના ભરપૂર વખાણ કર્યા છે.ગુજરાતમાં સતત બીજી વખત ફિલ્મફેરનું આયોજન યોજવામાં આવ્યું છે ત્યારે અક્ષય કુમાર છેક કચ્છ પહોંચ્યો છે. કચ્છમાં અક્ષય કુમારના હાથમાં ફિલ્મફેરની 'બ્લેક લેડી' પણ જોવા મળી હતી.તમને જણાવી દઈએ કે, ગાંધીનગરના ગિફ્ટ સિટીમાં ૬૯મા ફિલ્મફેરનું આયોજન થયું હતું. ત્યાર બાદ હવે ફરી અગિયારમી ઓક્ટોબરે અમદાવાદમાં ૭૦મા ફિલ્મફેરનું આયોજન થવા જઈ રહ્યું છે. ફિલ્મફેર કાર્યક્રમ ખૂબ જ રસપ્રદ રહેવાનો છે.એફડીઆઈ અને બિઝનેસ ઈન્વેસ્ટમેન્ટની સાથે હવે ગુજરાત એન્ટરટેઈન્મેન્ટ ડેસ્ટિનેશન માટે પણ માનીતુ બન્યું છે. રાજ્ય સરકાર સિનેમેટિક ટુરિઝમને પ્રોત્સાહન આપવા પ્રતિબદ્ધ છે.કચ્છનું સફેદ રણ, સાબરમતી આશ્રમ અને સોમનાથ તથા દ્વારકા જેવા ઐતિહાસિક સ્થળોથી લઈને ગીર ફોરેસ્ટ નેશનલ પાર્ક અને સ્ટેચ્યુ ઓફ યુનિટી, શિવરાજપુર બીચ જેવા સમૃદ્ધ પ્રવાસન સ્થળોને ફિલ્મફેર એવોર્ડ્સ હાઈલાઈટ કરશે.ખાસ કરીને અત્યારે ફિલ્મફેરના આયોજન માટે અમદાવાદમાં તાડમાર તૈયારીઓ ચાલી રહી છે ત્યારે મિસ્ટર ખિલાડીની વિઝિટે ગુજરાત-કચ્છમાં વધુ આકર્ષણ ઊભું કરાવ્યું છે. રાજ્ય સરકાર સિનેમેટિક ટુરિઝમને પ્રોત્સાહન આપવા પ્રતિબદ્ધ છે.કચ્છનું સફેદ રણ, સાબરમતી આશ્રમ અને સોમનાથ તથા દ્વારકા જેવા ઐતિહાસિક સ્થળોથી લઈને ગીર ફોરેસ્ટ નેશનલ પાર્ક અને સ્ટેચ્યુ ઓફ યુનિટી, શિવરાજપુર બીચ જેવા સમૃદ્ધ પ્રવાસન સ્થળોને ફિલ્મફેર એવોર્ડ્સ હાઈલાઈટ કરશે.ખાસ કરીને અત્યારે ફિલ્મફેરના આયોજન માટે અમદાવાદમાં તાડમાર તૈયારીઓ ચાલી રહી છે ત્યારે મિસ્ટર ખિલાડીની વિઝિટે ગુજરાત-કચ્છમાં વધુ આકર્ષણ ઊભું કરાવ્યું છે.



એટલું જ નહીં બન્ને એરપોર્ટ એકબીજાને ભેટી પડયા

રણબીર અને દીપિકાનું બ્રેકઅપ થયા પછી દીપિકા પદુકોણ ડિપ્રેશનમાં સરી ગઇ હતી, એ દિવસોમાં તેણે સખત માનસિક પીડા ભોગવી હતી

# રણબીર અને દિપીકા બ્રેકઅપ પછી પ્રથમ વખત સાથે જોવા મળ્યા

રણબીર કપૂર અને દીપિકા પદુકોણના બ્રેકઅપ પછી પ્રથંમ વખત એક એવો વીડિયો આવ્યો છે જે જોઈને તેમના પ્રશંસકો ખુશ થઈ ગયા છે. રણબીર અને દીપિકાનોએક વીડિયો વાયરલ થયો છે જેમાં દીપિકા એરપોર્ટની કાર્ટમાં બેસેલી જોવા મળે છે. તેવામાં રણબીર કપૂર દરવાજામાંથી આવતો જોવા મળે છે અને બન્નેએ એક બીજાને વેવ કર્યા પ છી એકબીજાને ભેટી પડતાં જોવા મળી રહ્યું છે.આ પછી બન્નેજણા સાથે કાર્ટમાં બેસીને નીકળી હયા હતા. સોશ્યલ મીડિયા પર આ વીડિયો વાયરલ થતાં જ તેમના પ્રશંસકો આનંદમાં આવી ગયા છે. બન્ને જણા હવે પોતપોતાના પ રિવારમાં સુખી છે અને પેરન્ટસ બની ગયા છે. રણબીર અને દીપિકાનું બ્રેકઅપ થયા પછી દીપિકા પદુકોણ ડિપ્રેશનમાં સરી ગઈ હતી. એ દિવસોમાં તેણે સખત માનસિક પીડા ભોગવી હતી જેમાંથી તેને બહાર આવતાં ઘણો લાંબો સમય લાગ્યો હતો. એ પછી રણબીર કેટરિના સાથે વરસો સુધી લિવઈનમાં રહ્યો હતો. પરંતુ તેમનું પણ બ્રેકઅપ થઈ ગયું હતું અને તે આલિયા ભટ્ટ્વ સાથે લગ્ન કરીને ઠરીઠામ થઈ ગયો છે. બન્ને જણા હવે પ ોતપોતાના પરિવારમાં સુખી છે અને પ ેરન્ટસ બની ગયા છે. રણબીર અને દીપિકાનું બ્રેકઅપ થયા પ છી દીપિકા પદુકોણ ડિપ્રેશનમાં સરી ગઈ હતી. એ દિવસોમાં તેણે સખત માનસિક પીડા ભોગવી હતી જેમાંથી તેને બહાર આવતાં ઘણો લાંબો સમય લાગ્યો હતો. એ પછી રણબીર કેટરિના સાથે વરસો સુધી લિવઈનમાં રહ્યો હતો. પરંતુ તેમનું પણ બ્રેકઅપ થઈ ગયું હતું અને તે આલિયા ભટ્ટ્વ સાથે લગ્ન કરીને ઠરીઠામ થઈ ગયો છે.



### ફિલ્મ ઝુબીન ગર્ગનો વ્યક્તિગત પ્રોજેક્ટ

# ઝુબીન ગર્ગની છેલ્લી ફિલ્મ ૩૧ ઓક્ટોબરે રિલીઝ થશે

## શનિવારે, સિંગરની પત્ની, ગરિમાએ ઝુબીનનો પોસ્ટમોર્ટમ રિપોર્ટ પોલીસ અધિકારીઓને પરત કર્યો

સિંગર ઝુબીન ગર્ગની છેલ્લી ફિલ્મ, 'રોઈ રોઈ બિનાલે' ૩૧ ઓક્ટોબરના રોજ રિલીઝ થશે. ફિલ્મના ડિરેક્ટર રાજેશ ભૂયાને જણાવ્યું હતું કે, 'આ ફિલ્મ ઝુબીન ગર્ગનો વ્યક્તિગત પ્રોજેક્ટ હતી.'ફિલ્મ મેકર રાજેશ ભૂયાને યૂઝ એજન્સીને જણાવ્યું કે, 'ફિલ્મમાં ઝુબીન ગર્ગના મૂળ અવાજનો ઉપયોગ કરવામાં આવશે. આ ફિલ્મ હવે સિંગરના અસમિયા (અસમ રાજ્યનું) સંગીત પ્રત્યેના જુસ્સા અને પ્રતિભાને શ્રદ્ધાંજલિ બની ગઈ છે.'ફિલ્મ મેકરે એમ પણ કહ્યું, 'અમે છેલ્લા ત્રણ વર્ષથી આ ફિલ્મ પર કામ કરી રહ્યા હતા. ફિલ્મની વાર્તા અને સંગીત ઝુબીન ગર્ગનું હતું. તે પહેલી મ્યૂઝિકલ અસમિયા ફિલ્મ હતી. બેકગ્રાઉન્ડ મ્યૂઝિક સિવાય ફિલ્મનું લગભગ બધું જ કામ પૂરું થઈ ગયું હતું.'તેમણે વધુમાં ઉમેર્યુ, 'ઝુબીન ગર્ગ ઈચ્છતા હતા કે ફિલ્મ ૩૧ ઓક્ટોબરે રિલીઝ થાય. તેથી અમે તેને તે જ દિવસે રિલીઝ કરવાનું નક્કી કર્યુ, ફક્ત અસમમાં જ નહીં પરંતુ સમગ્ર દેશમાં. તેમનો અવાજ લગભગ ૮૦-૯૦% સ્પષ્ટ છે કારણ કે, તે લેપલ માઈકથી રેકોર્ડ કરવામાં આવ્યો હતો. તેથી અમે ફક્ત તેમના મૂળ અવાજનો ઉપયોગ કરીશું.'ઝુબીન ગર્ગનું ૧૯ સપ્ટેમ્બરના રોજ સિંગાપોરમાં અવસાન થયું. સિંગર ૨૦ સપ્ટેમ્બરના રોજ યોજાયેલા 'નોર્થ-ઈસ્ટ ઈન્ડિયા ફેસ્ટિવલ' માટે સિંગાપોરમાં હતો, જ્યાં તેણે એક વોટર એડવેન્ચર એક્ટિવિટીમાં ભાગ લીધો હતો. એવો દાવો કરવામાં આવ્યો હતો કે, તેનું મોત સ્કુબા ડાઈવિંગ અકસ્માતમાં થયું હતું.જોકે, ઝુબિનની પત્ની ગરિમાએ જણાવ્યું હતું કે, તેનું મૃત્યુ આંચકીના લીધે થયું હતું. તેણે કહ્યું કે, સિંગરને પહેલા પણ ઘણી વખત આંચકી આવી હતી. સિંગાપોરમાં પણ તેને આંચકી આવી હતી. અગાઉ પણ આવી જ પરિસ્થિતિ ઉભી થઈ હતી. જ્યારે તેની તબિયત બગડી, ત્યારે તેના મિત્રોએ તેને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડ્યો, જેથી તેનો જીવ બચી ગયો હતો.



# આલિયા ભટ્ટ- અલ્લુ અર્જુનના નામે દંપતી સાથે થઈ ઠગાઈ



## ૬ વર્ષની બાળકીને જાહેરાતમાં કાસ્ટ કરવાની લાલચ આપી અજાણી યુવતીએ નાણાં ખંખેર્યા

દિલ્હી સાથે જોડાયેલા ગુરુગ્રામના એમ્બિયન્સ મોલમાં ખરીદી કરવા ગયેલા એક દંપતી સાથે એક યુવતીએ ક્રિકેટર મહેન્દ્ર સિંહ ધોનીની દીકરી ઝીવા, બોલિવૂડ સ્ટાર આલિયા ભટ્ટ અને સાઉથ સ્ટાર અલ્લુ અર્જુનના નામે છેતરપિંડી આચરી છે. દંપતીની ૬ વર્ષની દીકરીને બિસ્કિટની જાહેરાતમાં કાસ્ટ કરવાનું વચન આપીને યુવતીએ □ ૩૨ હજાર ખંખેરી લીધાં હતાં.જોકે, યુવતીએ વધુ ૧ લાખની માંગ કરતા દંપતીને છેતરપિંડીની આશંકા ગઈ હતી. દંપતીએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી અને પૈસા પરત કરવા અને આરોપીઓ વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી હતી. સેક્ટર ૧૦૭માં રહેતા પ્રીતમ ઘોષે સાઈબર પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી કે, થોડા દિવસ પહેલા તે તેની પત્ની ઈશિકા ઘોષ અને તેમની ૬ વર્ષની દીકરી સાથે એમ્બિયન્સ મોલમાં ગયો હતો. જામ્બર રેસ્ટોરન્ટ પાસે ઊભા રહીને એક અજાણી યુવતીએ તેમની સાથે વાતચીત શરૂ કરી. તેણે પોતાનો પરિચય અંજલિ તરીકે આપ્યો અને દાવો કર્યો કે, તે 'કિડ્સ ઈન્ડિયા એજન્સી' માટે કામ કરે છે, જે ટીવી જાહેરાતો માટે બાળકો શોધી રહી હતી.અંજલિની નજર પ્રીતમની ૬ વર્ષની દીકરી પર પડી. તેણે કહ્યું કે, તે બાળકીને એક ટીવી જાહેરાતમાં કાસ્ટ કરવા માંગે છે. તેણે ઈશિકાનો ફોન નંબર લીધો અને પછી ફોન પર વાત કરવાનું વચન આપ્યું. તે રાત્રે લગભગ ૧૧:૩૦ વાગ્યે અંજલિએ ઈશિકાને મેસેજ કરીને તેમના ઘરનો વીડિયો અને દીકરીના ફોટા માંગ્યા.થોડા સમય પ છી તેણે દાવો કર્યો કે, તેમની દીકરીને એક ટીવી જાહેરાત માટે પસંદ કરવામાં આવી છે અને એક ફોટોગ્રાફરને પોર્ટફોલિયો આલ્બમ બનાવવા માટે ૩૨,૦૦૦ રૂપિયા ચૂકવવા પડશે.



### ફરહાન સાથે ૧૨ લાખ રૂપિયાની ઠગાઈ થઈ

# અભિનેતા ફરહાન અખ્તર સાથે ડ્રાઈવરે કરી છેતરપિંડી

બોલિવૂડના અભિનેતા ફરહાન અખ્તર સાથે એક ચોંકાવનારો બનાવ બન્યો છે. રિપોર્ટ મુજબ, ફરહાન સાથે ૧૨ લાખ રૂપિયાની છેતરપિંડી થઈ છે અને આ ઠગાઈ પણ તેના ખાસ ડ્રાઈવરે કરી હોવાનું સામે આવ્યું છે. મુંબઈ પોલીસે આ મામલે આરોપી ડ્રાઈવર અને પેટ્રોલ પંપના કર્મચારી સામે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. અભિનેતા ફરહાન અખ્તરની માતા હની ઈરાનીના ડ્રાઈવર નરેશ સિંહ અને બાંદ્રા ઝીલ પાસે આવેલા એક પેટ્રોલ પંપના કર્મચારીએ ફરહાનના પેટ્રોલ કાર્ડનો દુરુપયોગ કરી નાણાંની ઉચાપત કરી હતી. આ કૌભાંડનો પર્દાફાશ ત્યારે થયો જ્યારે હની ઈરાનીની મેનેજર દીયા ભાટિયાને પેટ્રોલનો રેકોર્ડમાં ગડબડી જોવા મળી. આ રેકોર્ડમાં ૩૫ લીટરની ક્ષમતા ધરાવતા પેટ્રોલની ટાંકીમાં ૬૨ લીટર પેટ્રોલ ભરાવામાં આવ્યું હોવાનું જાણવા મળ્યું. તેમજ રેકોર્ડમાં ૭ વર્ષ પ હેલા વેંચાયેલી કાર માટે પેટ્રોલની ખરીદી જોવા મળી. પૂછપરછ કરતા બંને આરોપ ીએ કબૂલ્યું કે તેમણે ફરહાનના કાર્ડનો દુરુપયોગ કર્યો છે.ઈરાનીની મેનેજર દીયા ભાટિયાએ ૧ ઑક્ટોબરે બાંદ્રા પોલીસ સ્ટેશનમાં ડ્રાઈવર નરેશ સિંહ અને પેટ્રોલ પંપના કર્મચારી અરુણ અમર બહાદુર સિંહ સામે ફરિયાદ નોંધાવી હતી. આ ફરિયાદ અનુસાર ડ્રાઈવર નરેશે પેટ્રોલ પંપના કર્મચારી અરુણ સાથે મળીને એપ્રિલ ૨૦૨૨થી સપ્ટેમ્બર ૨૦૨૫ની વચ્ચે પેટ્રોલ કાર્ડનો દુરુપયોગ કર્યો છે.



થોડા દિવસો પહેલા વિજય દેવરકોંડાએ એક વીડિયો શેર કર્યો હતો જેમાં તે પોતાની માર્શલ આર્ટ્સ અને ફિટનેસ બતાવતો જોવા મળ્યો હતો

# રશ્મિકા મંદાના અને અભિનેતા વિજયે ગુપ્ત રીતે સગાઈ કરી લીધી!

બોલિવૂડ અભિનેત્રી રશ્મિકા મંદાનાએ વિજય દેવરકોંડા સાથે સગાઈ કરી લીધી હોવાનું જાણવા મળ્યું છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે રશ્મિકાએ એક ગુપ્ત સમારંભમાં સાઉથ સુપરસ્ટાર વિજય દેવરકોંડા સાથે ગુપ્ત રીતે સગાઈ કરી હતી. જોકે, આ કપલે હજુ સુધી તેમના ફેન્સને આ અંગે સત્તાવાર રીતે જાહેરાત કરી નથી. છેલ્લા કેટલાક મહિનાઓથી તેમના સંબંધોના સમાચારો વહેતા થઈ રહ્યા છે. રશ્મિકાએ પણ ઘણી વખત ખુલ્લેઆમ વિજય દેવરકોંડા પ્રત્યેનો પોતાનો પ્રેમ વ્યક્ત કર્યો છે.રશ્મિકા અને વિજયના સંબંધોની ઘણા સમયથી અફવાઓ ચાલી રહી છે. થોડા મહિના પહેલા તેમણે એક જ બીચ પર વેકેશનના ફોટા શેર કર્યા હતા, જેના કારણે ફેન્સમાં વિશ્વાસ વધ્યો હતો કે, તેઓ રિલેશનશિપમાં છે. જોકે, આ પહેલી વાર નથી જ્યારે તેમના અફેરની અફવાઓ સામે આવી હોય. અગાઉ અનન્યા પાંડેએ કોફી વિથ કરણમાં આ વાતનો સંકેત આપ્યો હતો. વિજય દેવરકોંડા રિયાલિટી શોની ૭મી સીઝનમાં અનન્યા પાંડે સાથે દેખાયા હતા. રશ્મિકાનું નામ લીધા વિના અનન્યાએ કહ્યું કે વિજય દેવરકોંડા રશ્મીકાને મળવા માટે ઉતાવળમાં છે. આ ઉપરાંત, થોડા દિવસો પહેલા વિજય દેવરકોંડાએ એક વીડિયો શેર કર્યો હતો જેમાં તે પોતાની માર્શલ આર્ટ્સ અને ફિટનેસ બતાવતો જોવા મળ્યો હતો. રશ્મિકાએ તેના પર પ્રેમ વરસાવતા કહ્યું હતું કે તે તેને મળેલા કરતાં વધુને લાયક છે. રશ્મિકા અને વિજય લાંબા સમયથી સારા મિત્રો છે, અને જો મીડિયા રિપ ોર્ટ્સનું માનીએ તો તેઓ ટૂંક સમયમાં લગ્ન કરીને નવું જીવન શરૂ કરી શકે છે. આ ઉપરાંત, થોડા દિવસો પહેલા વિજય દેવરકોંડાએ એક વીડિયો શેર કર્યો હતો જેમાં તે પોતાની માર્શલ આર્ટ્સ અને ફિટનેસ બતાવતો જોવા મળ્યો હતો. રશ્મિકાએ તેના પર પ્રેમ વરસાવતા કહ્યું હતું કે તે તેને મળેલા કરતાં વધુને લાયક છે. રશ્મિકા અને વિજય લાંબા સમયથી સારા મિત્રો છે.



# અખંડભારત કેસરિયા હિન્દુ પરિષદ આંતરરાષ્ટ્રીય સંગઠન ગુજરાત પ્રદેશના પ્રભારી બનતા ચેતનભાઈ નાથાણીનું ભાવનગર ખાતે સ્વાગત કરવામા આવ્યું


તસ્વીર : અજય અગ્રવાલ, દેવગઢ બારીઆ

। (પ્રતિનિધી) દેવગઢ બારીઆ, તા.૦૬ ।

તા.૦૫/૧૦/૨૦૨૫ ને રવિવાર નાં રોજ ભાવનગર મુકામે શાંતિ હાઈટ્સ ૫૦૨ વડોદરિયા પાર્ક ખાતે ધર્મરક્ષક ચિંતન બેઠક માં આજરોજ અખંડ ભારતીય કેસરીયા હિન્દુ પરિષદ નાં નવ નિયુક્ત ગુજરાત પ્રદેશ નાં પ્રભારી શ્રી ચેતનભાઈ નાથાણી નું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. તેઓ નું સ્વાગત કલા અંકુર સંસ્થા નાં ઝઈ અને મહાદેવ ગ્રુપ નાં અધ્યક્ષ શ્રી મફતભાઈ સોલંકી સેન મહારાજ યુવા ગ્રુપના ભાવનગરના પ્રમુખશ્રી ધર્મેન્દ્રભાઈ નાથાણી ઉપપ્રમુખ શ્રી અશ્વિનભાઈ હિરાણી ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ કાર્યકર શ્રી શાંતિભાઈ નાથાણી શ્રી કિરીટભાઈ પરમાર શુભચિંતક શ્રી રમેશભાઈ મુંજપરા દ્વારા કરવા માં આવ્યું હતું આ ચિંતન બેઠકમાં પરિવાર સમાજ રાષ્ટ્ર અને ધર્મ બાબતે સંગઠન બાબતે સંકલન સાથે આનંદ વ્યક્ત કરેલ સ્વાગત વિધિ સાથે ખૂબ જ આનંદ વ્યક્ત કરતા શ્રી ચેતનભાઈ નાથાણી એ સર્વનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરેલ હતો.

# રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ-ઝાલોદ નગર દ્વારા સંઘના શતાબ્દી વર્ષ નિમિત્તે શ્રી વિજયા દશમી ઉત્સવ અને પથ સંચલનનું આયોજન કરવામાં આવ્યું

## પથ સંચલનનગરના મુખ્ય માર્ગમા નીકળતા નાગરિકો દ્વારા ફૂલોથી સ્વાગત કરવામાં આવ્યું હતું

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૦૬ ।

ઝાલોદ નગરમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા ઉજવાતી શતાબ્દી વર્ષની ઉજવણી અંતર્ગત શ્રીવિજયા દશમી ઉત્સવ બી.એમ.હાઈસ્કૂલ ખાતે યોજવામાં આવેલ હતો. હિન્દુ સમાજમા શક્તિના જાગરણનુ પર્વ એટલે વિજયાદશમીનુ પાવન પર્વ. આ પાવન પર્વમા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સો વર્ષ પૂર્ણ થયેલ હોવાથી તેના ઉત્સવ રૂપે આજનો દિવસ વિશેષ મહત્વનો હતો. સમગ્ર હિન્દુ સમાજને સંગઠિત અને સબળ બનાવી ભારતમાતાને પરમ વૈભવ સંપન્ન બનાવવાના ધ્યેય સાથે સંઘ અવિરત કાર્ય કરે છે.

આજના ઉત્સવમા અતિથિ વિશેષ તરીકે અરવિંદ ચારેલ ( પ્રધાનાચાર્ય ) ,મુખ્ય વક્તા પરિમલ દિનેશચંદ્ર પાઠક ( રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ, અખિલ ભારતીય અધિવક્તા પરિષદ )ની ઉપસ્થિતિમાં પ્રોગ્રામ યોજાયો હતો. આજના ઉત્સવમાં માં પ્રથમ શસ્ત્ર પૂજન, સંપત્ત- ધ્વજારોહણ, પ્રાર્થના, પ્રાત્યાક્ષિત્, પરિચય, અમૃત વચન, વયક્તિક ગીત, અતિથિ તેમજ વક્તાનુ ઉદ્બોન,ધ્વજાવતરણ સાથે નગરના વિવિધ માર્ગો પર પથ સંચલન યોજાયું હતું. આજના પ્રોગ્રામમાં મોટા પ્રમાણમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સ્વયંસેવકો તેમજ હિન્દુ સમાજના લોકો મોટા પ્રમાણમાં ઉપસ્થિત રહેલ હતા. મુખ્ય વક્તા પરિમલ પાઠક દ્વારા


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

સંઘના ૧૦૦ વર્ષની ઉજવણી દરેક ભારતીયની ઉજવણી છે અને સંઘ ખોટા ખર્ચા ન કરી આ ઉત્સવને ઉજવવા માટે ઘરે ઘરે જઈ રાષ્ટ્રહિતના પાંચ મહત્વના મુદ્દાઓ પહોંચાડશે. જેમાં કુટુંબ પ્રબોધન, પર્યાવરણ, સામાજિક સમરસતા, સ્વદેશી અને નાગરિક કર્તવ્ય સહિતના પાંચ મુદ્દાઓ ઘરે ઘરે જઈ સમજાવશે તેમજ વિશેષમાં કહ્યું હતું કે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની અંદાજિત ૮૫૦૦૦ ઉપરાંત શાખાઓ ચાલે છે જે આગામી વર્ષોમાં લાખો પર પહોંચી જશે તેવો દ્રઢ સંકલ્પ છે. સંઘની વિચારધારા રાષ્ટ્ર પ્રથમ છે અને તેને ઉદ્દેશી સંઘ આખા ભારત વર્ષમા સચોટ કામગીરી કરી રહેલ છે. શતાબ્દી વર્ષ તેમજ વિજયાદશમીને અનુલક્ષીને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા નગરમાં પથ સંચલન કરવામાં આવ્યું હતું. શિસ્તબદ્ધ રીતે નીકળેલ પથ સંચલનનુ સ્વાગત નગરના અલગ અલગ વિસ્તારોમાં કરવામાં આવ્યું હતું.



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૦૬ ।

તા ૦૬/૧૦/૨૫ના ગુજરાત સ્ટેટ એઈડ્સ કંટ્રોલ સોસાયટી અમદાવાદના એડિશનલ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી તેમજ ડી.ટી.એચ.ઓશ્રી દાહોદના માર્ગદર્શન હેઠળ આદિવસી કલાકાર વિકાસ મંડળ ની ટીમ દ્વારા ફોક શૉ નું આયોજન ઝાલોદ બસ સ્ટેશન ખાતે કરવામાં આવ્યું જેમાં આશરે ૩૦૦ જેટલા લોકો દ્વારા આ ફોક શૉને જોવામાં આવ્યો જેમાં એચ.આઈ વી .અઈડ્સ વિશે વિસ્તૃત માં જણકારી મેળવી આ ફોક શૉ મા ઝાલોદ બસ સ્ટેશન ના ડેપો મેનેજરશ્રી, ICTC કાઉન્સેલર જયેશ મેડા , STI કાઉન્સેલર અનિલ ભુરિયા , TI પ્રોજેક્ટ મેનેજર નિલેશ ભટ્ટ તેમજ તેઓની ટીમ અને લિંક વર્કરશ્રીઓ એ હાજરી આપી જન જાગૃતિ કાર્યક્રમ કરવામાં આવ્યો.

# વય નિવૃત્તિ સન્માન સમારોહ


તસ્વીર : ભરતભાઈ પંડ્યા, દિવડા કોલોની

। (પ્રતિનિધી) દિવડા કોલોની, તા.૦૬ ।

મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાના ચોરાફળીયા વર્ગ ઢીંગલવાડા પ્રાથમિક શાળા ના આચાયશ્રી કાળુભાઈ ધમાભાઈ પટેલ વય નિવૃત્ત થતા તારીખઃ- ૪/૧૦/૨૫ ના રોજ વય નિવૃત્તિ સન્માન સમારોહ નું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં અધ્યક્ષ તરીકે શ્રી લક્ષ્મણભાઈ એમ. ડામોર તેમજ રાજ્ય પ્રાથમિક સંઘના મહામંત્રી શ્રી શંકરભાઈ કે. પટેલ તેમજ તાલુકા સંઘના હોદ્દેદારો શ્રી રમણભાઈ કે. પટેલિયા રાજ્ય સંઘના પ્રતિનિધિ શ્રી માલાભાઈ તેમજ પગાર કેન્દ્રના આચાય શ્રીઓ તેમજ શિક્ષક મિત્રો ઉપરાંત સમગ્ર ગ્રામજનો, વડીલો, સ્નેહીજનો, શાળામાં અભ્યાસ કરતા નાના મોટા ભૂલકાઓ વગેરે એ વિદાય લેતા વહાલા આચાયશ્રીને ભાવવિભોર બની મોમેન્ટો આપી વિદાય આપી હતી. સમયસર રસોઈ બનાવી નિયમિતતા દાખવનાર તેઓના ધર્મ પત્ની શ્રીમતી પ્રેમીલાબેન નું પણ સન્માન કરવામાં આવેલ હતું. "શિક્ષક કભી સાધારણ નહીં હોતા." ની સાર્થકતા નો માહોલ જોવા મળ્યો હતો. શ્રી એલ. એમ ડામોર સાહેબે પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન તેમજ આભાર વિધિ શ્રી કાળુભાઈ તેમજ લક્ષ્મણભાઈ દ્વારા કરવામાં આવેલ હતી. ત્યારબાદ ભોજન પ્રસાદી લઈ ભારે હૈયે સૌએ આશીર્વાદ પાઠવી આચાયશ્રીને શિક્ષણ જગતના માળા રૂપી માહોલ માંથી વિદાય આપી હતી.

# ખેડા જિલ્લામાં તા. ૩૦/૧૦/૨૦૨૫ના રોજ કલેક્ટર કચેરી ખાતે જિલ્લા સ્વાગત કાર્યક્રમ યોજાશે

। (માહિતી) નડિયાદ, તા.૦૬ ।

ગુજરાત સરકાર તરફથી જિલ્લા કક્ષાના પ્રશ્નો માટે જિલ્લા સ્વાગત કાર્યક્રમ તા. ૩૦/૧૦/૨૦૨૫ને ગુરૂવારના રોજ સવારના ૧૦:૩૦ કલાકે કલેકટરશ્રી, ખેડા - નડીઆદના અધ્યક્ષ સ્થાને કલેકટર કચેરી, મિટીંગ હોલ, નડીઆદ ખાતે યોજાનાર છે. આ કાર્યક્રમમાં ભાગ લેવા માટેની અરજીઓ તા.૧૦/૧૦/૨૦૨૫ સુધીમાં અત્રેની કચેરીને ત્રણ નકલમાં, સુવાચ્ય અક્ષરોમાં એ/૪ કાગળ ઉપર કરવાની રહેશે. તા.૧૦/૧૦/૨૦૨૫ પછીથી મળેલ અરજીઓ આ મહીનાના લોક ફરીયાદ કાર્યક્રમમાં ચર્ચા માટે લેવામાં આવશે નહિ.

અરજદારે પ્રશ્નની રજુઆત સંબંધિત કચેરીને કરેલ હોવી જોઈએ તેમજ પ્રશ્નની રજુઆત સંબંધિત તાલુકા કક્ષાએ તાલુકા સ્વાગત કાર્યક્રમમાં કરેલ હોવી જોઈએ અને જો ત્યાંથી પડતર હોય તેવા પ્રશ્ન તેમજ જિલ્લા કક્ષાનો પ્રશ્ન હોય, તેવી આધાર પુરાવા સહિત કરેલ રજુઆત જિલ્લા લોક ફરીયાદ નિવારણ કાર્યક્રમમાં સમાવેશ કરવામાં આવશે. અરજદારનો પોતાનો પ્રશ્ન હોવો જોઈએ. બીજાનો પ્રશ્ન રજૂ કરી શકશે નહી. તેમજ એક જ વિષયની એક અરજી સ્વીકારવામાં આવશે. અરજદારે અરજીના મથાળે જિલ્લા સ્વાગત કાર્યક્રમ ખાસ લખવાનું રહેશે. લોક ફરીયાદ નિવારણ કાર્યક્રમમાં કોઈ પણ અરજદાર એકથી વધુ પ્રશ્નો પૂછી શકશે નહી તેમજ અરજદારે પોતાનું પુરૂ નામ, સરનામુ, મોબાઈલ નંબર ફરજિયાત પણે દર્શાવી સહી સાથે અરજી કરવાની રહેશે. નામ, સરનામા તથા સહી વગરની તેમજ વ્યકિતગત આક્ષેપોવાળી અરજી તથા પોસ્ટ કાર્ડ કે આંતરદેશીય પત્રો વગેરે ઉપર કરેલ અરજીનો સમાવેશ કરવામાં આવશે નહી. આ કાર્યક્રમમાં ન્યાયિક તુલ્ય બાબતો, નીતિ વિષયક, સેવા વિષયક, કોર્ટ મેટર, સ્ટે (મનાઈ હુકમ), અપીલો, માહિતી અધિકાર અધિનિયમને લગતા પ્રશ્નો તેમજ નોકરી, રહેમરાહે નોકરીને લગતી બાબતોનો સમાવેશ કરવામાં આવશે નહી જેની નોંધ લેવા જનસંપર્ક અધિકારીશ્રી ખેડા-નડિયાદ દ્વારા જણાવેલ છે. આ કાર્યક્રમમાં ન્યાયિક તુલ્ય બાબતો, નીતિ વિષયક, સેવા વિષયક, કોર્ટ મેટર, સ્ટે (મનાઈ હુકમ), અપીલો, માહિતી અધિકાર અધિનિયમને લગતા પ્રશ્નો તેમજ નોકરી, રહેમરાહે નોકરીને લગતી બાબતોનો સમાવેશ કરવામાં આવશે નહી જેની નોંધ લેવા જનસંપર્ક અધિકારીશ્રી ખેડા-નડિયાદ દ્વારા જણાવેલ છે.

# ઝાલોદ વિધાનસભામા ગોવિંદ ગુરુ લીમડી તાલુકાનુ વાજતે ગાજતે ફટાકડાની ભવ્ય આતશબાજી તેમજ ભવ્ય કળશ યાત્રા સાથે ઉદ્ઘાટન સાથે શુભ આરંભ કરાયું

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૦૬ ।

ઝાલોદ તાલુકામાં કુલ ૧૧૫ ગ્રામ પંચાયતો આવેલ હતી જેથી ઝાલોદ તાલુકામાં મામલતદાર અને તાલુકા પંચાયત કચેરી ખાતે વહીવટી કામગીરીનુ ભારણ વધુ રહેતું હતું તેમજ ઝાલોદમા આવવા જવા માટે ગ્રામજનોના સમય વધુ જતો હતો તેમજ આર્થિક રીતે પણ ગ્રામજનો પર બોજ વધુ પડતો હતો. ઝાલોદ ૧૩૦ વિધાનસભાના ધારાસભ્ય મહેશ ભૂરીયા દ્વારા લોકોની સુખાકારીમા વધારો થાય તે માટે ગોવિંદ ગુરુ લીમડી નવીન તાલુકો બનાવવા માટે ગુજરાત સરકાર પાસે માંગ કરેલ હતી જે અન્વયે ગુજરાત સરકાર દ્વારા ગોવિંદ ગુરુ લીમડી તાલુકો બનાવવા માટે મંજૂરી આપી ઝાલોદ તાલુકામાં ૪૯ ગ્રામ પંચાયત તેમજ ગોવિંદ ગુરુ લીમડીમા ૪૬ ગ્રામ પંચાયતોના સમાવેશની લેખિત યાદી સાથે મંજૂરી આપેલ હતી.

ગોવિંદ ગુરુ લીમડી તાલુકા મથક બનતા ધારાસભ્ય મહેશ ભૂરીયાની અધ્યક્ષતા હેઠળ તેઓની ઓફિસ થી નવીન મામલતદાર ઓફિસ અને તાલુકા પંચાયત કચેરી સુધી ભવ્ય કળશ યાત્રા ફટાકડાની આતશબાજી સાથે ઢોલકુંડીના સાથે કાઢવામાં આવી હતી. આ ભવ્ય કળશ યાત્રા એટલી લાંબી હતી કે દૂર દૂર સુધી રસ્તો જોવા મળતો હતો. ગોવિંદ ગુરુ લીમડી તાલુકાના સહુ લોકો આ અનેરી ક્ષણનુ આનંદ લેવા આતુર જોવા મળતા હતા. આજના ક્ષણે આવેલ લોકો આ અનેરી ઘડીને આંખોમાં વસાવી લેવા માટે આતુર જોવા મળેલ હતા. ગોવિંદ ગુરુ લીમડીના શુભ આરંભ નિમિતે આવેલ મહેમાનોનુ ઢોલ કુંડી કુમકુમ સાથે આવકારવામા આવ્યા હતા. તેમજ જેમના નામથી આ તાલુકાની રચના થઈ રહી છે તેવા ગુરુ ગોવિંદ ગુરુની આરતી કરી પ્રોગ્રામની શરૂઆત કરવામાં આવી હતી. આજના પ્રોગ્રામની શરૂઆત કરતા દિપ પ્રાગટય, પ્રાર્થના, સ્વાગત ગીત સાથે કરવામાં આવી હતી. ઉપસ્થિત મહેમાનો દ્વારા કન્યા પૂજન પણ કરવામાં આવેલ હતું. ત્યારબાદ દાહોદ જિલ્લા કલેક્ટર યોગેશ નિરગુડે દ્વારા નવા તાલુકાની રચના થી હવે નજીક થી સેવા મળશે તેમ કહ્યું હતું. ત્યારબાદ ઉપસ્થિત મહેમાનોનુ સ્વાગત ફૂલોના બુકે, પાઘડી તેમજ કોટી પહેરાવી કરવામાં આવ્યું હતું.

ઝાલોદ ૧૩૦ વિધાનસભાના ધારાસભ્ય મહેશ ભૂરીયાએ કહ્યું હતું કે ભગવાન ગુરુ ગોવિંદના નામ થી ગુરુ ગોવિંદ લીમડી તાલુકો નવીન બનતા સહુ લોકોને તેની શુભકામનાઓ. હવે લાંબા કિલોમીટર કાપી કોઈને ઝાલોદ નહીં જવું પડે તમામ વહીવટી કામો હવે ગોવિંદ ગુરુ લીમડી કુમારશાળામા આવેલ પ્રાંગણમાં મામલતદાર કચેરી તેમજ તાલુકા પંચાયત કચેરી ખોલવામાં આવેલ છે. ઘણા વર્ષો જૂની માંગ આજે પુરી થયેલ છે. આ ૧૫૪ આંગણવાડી,


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

૪૬ ગ્રામ પંચાયત, ૧૪૬ જેટલી શાળા તેમજ દરેક સરકારી બૅંકો આવેલ છે જેથી સહુ લોકોનું કામ સરળતાથી થાય. ગોવિંદ ગુરુ લીમડી તાલુકાની પ્રગતિ તેમજ સુખાકારી હવે ઉત્તરોત્તર વધશે તેમજ હવે અહીંયા થી તમામ પ્રકારની વહીવટી કામોનુ શુભારંભ કરવામાં આવેલ છે. આ પ્રસંગે આ વિસ્તારના ભગવાન ગણાતા એવા ગુરુ ગોવિંદને પણ યાદ કરી તેઓને વંદન કર્યા હતા. દાહોદ જિલ્લા સાંસદ જસવંતસિંહ ભાભોરે કહ્યું હતું કે દાહોદ જિલ્લાનુ લીમડી એ આગવી પ્રતિભા અને વ્યાપાર ક્ષેત્રે વિકસિત છે તેથી તેને આ તાલુકાનું પેરિસ ગણવામાં આવે છે. ભારત સરકાર તેમજ ગુજરાત સરકાર આપણા તાલુકાઓના વિકાસ માટે સતત ચિંતા કરે છે જેથી આજે ગુરુ ગોવિંદ લીમડી તાલુકો બનેલ છે. શિક્ષણ મંત્રી કુબેર ડિંડોરે કહ્યું કે આજના સૌભાગ્યશાળી દિવસે ભાજપના સહુનો સાથ સહુના વિકાસ થકી આજે ગુરુ ગોવિંદ તાલુકો બનાવવામાં સફળતા મળેલ છે. ગોવિંદ ગુરુ લીમડી તાલુકો બનતા તાલુકાના વહીવટી કાર્યભારનો શુભારંભ ૦૬-૧૦-૨૦૨૫ ના રોજ કુમારશાળાના વિશાળ પ્રાંગણની બિલ્ડિંગમા મામલતદાર કચેરી તેમજ તાલુકા પંચાયત કચેરી અને તેને લગતી વહીવટી કાર્યો માટેની કચેરીઓનું ભવ્યાતિભવ્ય શુભારંભ શિક્ષણ મંત્રી કુબેર ડીંડોરના હસ્તે ઉદ્ઘાટન સાથે શુભ આરંભ કરવામાં આવ્યું હતું જેથી હવે સ્થાનિક અરજદારો અને નાગરિકોને દૂર સુધી જવું નહીં પડે અને સરળતા રીતે દરેક લોકોના વહીવટી કાર્યો થાય. નવીન તાલુકો બનતા ગુરુ ગોવિંદ લીમડીમા નવીન લાભાર્થીઓને યોજનાઓનો લાભ આપી સન્માનિત કરાયા હતા ત્યારબાદ વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું. નવીન ગોવિંદ ગુરુ લીમડી તાલુકાના પ્રસંગને દિપાવવા માટે મુખ્ય મહેમાન કુબેર ડીંડોર ( કેબીનેટ મંત્રી) , કરણસિંહ ડામોર ( જિલ્લા પંચાયત પ્રમુખ) , સાંસદ જસવંતસિંહ ભાભોર ( પૂર્વ કેન્દ્રીય મંત્રી), ધારાસભ્ય મહેશ ભૂરીયા ( ઝાલોદ) ,ધારાસભ્ય રમેશ કટારા, પ્રાંત અધિકારી અજય ભાટીયા, મામલતદાર શૈલેન્દ્ર પરમાર, ટી.ડી.ઓ કલ્પેશ ગઢવી,ડી.વાય.એસ.પી ડી.આર.પટેલ તેમજ જિલ્લા પંચાયત સભ્યો, તાલુકા પંચાયત સભ્યો, સરપંચો અને મોટા પ્રમાણમાં ગ્રામજનો ઉપસ્થિત રહેલ હતા.

# ગીરનાર પર્વત પર મંદિરમાં તોડફોડ અને મૂર્તિ ખંડિત!, સફેદ ઝભ્ભામાં આવેલા ચાર વિધર્મીનું કૃત્ય : મહંત

। (માહિતી) જુનાગઢ, તા.૦૬ ।

તાજેતરમાં નવરાત્રી તહેવાર પૂર્ણ થયા બાદ ગીરનાર પર્વત પર મંદિરમાં તોડફોડની ગંભીર ઘટના સામે આવી છે. ગીરનાર પરિક્રમા માર્ગ પર આવેલા નાથ સંપ્રદાયના ગુરુ ગોરખનાથની પવિત્ર જગ્યા પર તોડફોડ કરાઈ હોવાની માહિતી હાલ મળી રહી છે. આ કૃત્યમાં તોડફોડ કરનારા શખ્સોએ ગોરખનાથની મૂર્તિને પણ ખંડિત કરી છે. તેમજ મંદિરના કાચના દરવાજા, પૂજાની સામગ્રી અને દાનપેટી વેરવિખેર કરી નાખી હતી. આ ઘટનાથી સમગ્ર હિન્દુ સમાજમાં ભારે આક્રોશ ફેલાયો છે, ત્યારે પોલીસે આ મામલે તપાસ શરૂ કરી છે.

મંદિરના મહંતનો દરવાજો બંધ કરી મૂર્તિને ખંડિત કરી હોવાનો દાવો કરાયો છે. મંદિરની અંદર રહેલા મહંતે કહ્યું કે ત્રણથી ચાર લોકો સફેદ કલરનો ઝભ્ભો પહેર્યો હતો અને તેમના હાથમાં લોખંડની વસ્તુ હતી.

અસામાજિક તત્વોએ મંદિરમાં પ્રવેશી તોડફોડ કરવાનું સામે આવ્યું છે, ત્યારે આ ઘટનાથી ભવનાથ ક્ષેત્રના મહંત શેરનાથ બાપુ સહિત સમગ્ર સંત સમાજમાં ઉગ્ર આક્રોશ ફેલાયો છે. મહંત સોમનાથ બાપુ સહિત અન્ય સાધુ સંતોએ આ બાબતે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ઘટના વહેલી સવારે લગભગ ૪ વાગ્યાની આસપાસ બની હતી. મહંતના કહેવા અનુસાર, ત્રણથી ચાર વ્યક્તિઓએ અચાનક મંદિરમાં ઘુસીને આવ્યા અને તોડફોડ શરૂ કરવા લાગ્યા હતા. બાદમાં દરવાજો બંધ કરી પુજારીને અંદર પૂરી દેવાયા હતા અને ગોરખનાથ કલરના ઝભ્ભા અને લંગોટ પહેરેલા હતા, જે સ્પષ્ટ દેખાયું હતું."

મહંતે આગળ કહ્યું કે, ગીરનાર પર્વત પર જુદા જુદા ધર્મોનો કાંઈને કાંઈ વિવાદ ચાલ્યો આવે છે, ત્યારે આ પહેલા પણ આવી તોડફોડ અને મૂર્તિ ચોરાઈ જવાની ઘટનાઓ સામે આવી હતી. જોકે તે ઘટના અંગે પણ હજુ સુધી કોઈ આરોપીઓ પકડાયા નથી અને હાલ ફરી એકવાર આવી ગંભીર ઘટના સામે આવી છે. તેઓએ ભારપૂર્વક કહ્યું કે, "ગઈકાલની ઘટનામાં જે રીતે મૂર્તિને ખંડિત કરીને મંદિરમાં તોડફોડ કરાઈ એ જોઈને આ કોઈ વિધર્મીનું કામ હોવાની શંકા સેવાઈ રહી છે." જેથી અમે સંત સમાજે આ મામલે પોલીસ ફરિયાદ નોંધાવી છે અને પોલીસે તપાસ શરૂ કરી છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજે વધારે તેલ અને મસાલાવાળું આહાર ટાળોજો. ધન ની આવશ્યકતા ક્યારેક પણ પડી શકે છે તેથી જેટલું શક્ય હોય પોતાના પૈસા ની બચત કરવાનું વિચાર બનાવો? મિત્રો સાથે સાંજ અત્યંત મનોરંજક તથા આનંદસભર રહેશે. આજે તમે તમારા પ્રિયપાત્ર સામ તમારી લાગણીઓ વ્યક્ત નહીં કરી શકો. માનસિક સ્પષ્ટતા તમને બિઝનેસમાં અન્યોની સરખામણીએ આગળ રાખશે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમારૂં મંતવ્ય વ્યક્ત કરતા અચકાતા નહીં. આત્મવિશ્વાસની કમીને તમારા પર અંકુશ જમાવવા ન દો કેમ કે એનાથી તમારી સમસ્યાઓની ગૂંચવણ ઓર વધશે અને તમારો વિકાસ મંદ પડશે. આત્મવિશ્વાસ પાછો મેળવવા માટે તમારી જાતને વ્યક્ત કરો તથા સમસ્યા સાથે પનારો પાડવા ખુલ્લા દિલે સ્મિત કરો. સૌથી અણધાર્યા સાધનોમાંથી તમે કમાણી કરો એવી શક્યતા છે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજે અન્યોની ટીકા કરવાની તમારી ટેવને કારણે તમારે ટીકાનો સામનો કરવો પડે એવી શક્યતા છે. તમારી રમૂજવૃત્તિને ઊંચી તથા તમારા બચાવને નીચો રાખશો તો તમે કટુ ટિપ્પણીઓથી બચવા માટે સારી સ્થિતિમાં રહેશો. નાણાંપ્રવાહમાં વધારો લાંબા સમયથી ચૂકવવાની બાકી રકમ તથા બિલો ચૂકવવા આસાન બનાવશે. જીવનસાથી તમને ખુશી આપવાનો પ્રયાસ કરશે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે પૈસા ની અછત ઘરમાં વિવાદ નું કારણ બની શકે છે, આવી સ્થિતિ માં તમારા ઘર ના લોકો સાથે કાળજીપૂર્વક વાત કરો અને તેમની સલાહ લો. અદભુત દિવસ જ્યારે તમે ઈચ્છો છો એટલું લોકોનું ધ્યાન તમને મળશે-તમારી સામે એટલી બધી બાબતો હશે અને તમાંથી કઈ બાબત હાથ ધરવી તેની મીઠી મૂમંઝવણ તમને થશે.

**સિંહ (મ,ટ) :**

આજે આઉટડૉર રમતો તમને આકર્ષશે-ધ્યાન તથા યોગ લાભ લાવશે. આજે તમારા હાથ માં ધન નહિ ટકે, ધન સંચય કરવા માં આજે તમને ઘણી બધી તકલીફો નો સામનો કરવો પડશે? પૌત્ર-પૌત્રી તથા દોહિત્ર-દોહિત્રી અત્યંત આનંદનો સ્રોત બનશે. રૉમાન્સને આજે ઓછું મહત્વ મળે એવું લાગે છે કેમ કે તમારૂં પ્રિયપાત્ર ખૂબ જ વધારે પડતી માગ કરી રહ્યું હોય એવું લાગે છે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજે તમારા માટે વધુ પૈસા કમાવવાની નવી તકો લાભદાયી હશે. લોકો તમને નવી આશાઓ તથા સપનાં આપશે-પણ તમારા પોતાના પ્રયત્નો પર ઘણું બધું અવલંબશે. આજે તમારા હૃદયના ધબકારા તમારા પ્રિયપાત્રવા લય સાથે તાલ મેળવશે અને પ્રેમનું સંગીત રેલાવશે. તમારા વરિષ્ઠો આજે તમારા કામની ગુણવત્તાથી પ્રભાવિત થાય એવી શક્યતા છે.

**તુલા (ર,ત) :**

મૌસમનો મિજાજ માણતા, ખાતી-પીતી વખતે ચેતતા રહેજો. બેદરકારી તમને બીમાર પાડી શકે છે. મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે. તમારી મહત્વાકાંક્ષા વિશે તમારા માતા-પિતા સામે રહસ્યોદ્ઘાટન માટે સારો સમય. તેઓ તમને સંપૂર્ણ સહકાર આપશે. તેની પ્રાપ્તિ માટે તમારે ધ્યાન કેન્દ્રિત કરી સખત મહેનત કરવાની જરૂર છે.

**વૃશ્ચિક (ન,ય) :**

પિતા તમને સંપત્તિના વારસામાંથી બેદખલ કરી શકે છે.પણ હિંમત હારતા નહીં. ઐશ્વર્ય મનને લાડ લડાવે છે જ્યારે અછત તેને મજબૂત બનાવે છે. આજ ના દિવસે તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે સાથેજ તમને દાન-પુણ્ય પણ કરવું જોઈએ કેમ કે આના થી તમને માનસિક શાંતિ મળશે? સંબંધીઓને મળવા જવા નાનકડી મુસાફરી તમારા રોજિંદા ભાગદોડભર્યા સમયપત્રકમાંથી તમને રાહત તથા હળવાશ આપશે

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો. આત્મવિશ્વાસસભર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. મિત્રો તમારા અંગત જીવનમાં જરૂર કરતાં વધારે ચંચૂપાત કરશે. એકતરફી આકર્ષણ તમારી માટે માથાનો દુખાવો જ લાવશે.

**મકર (ખ,જ) :**

આજે તમારે બેસવાની અને આરામ કરવાની-તથા શોખમાં ઓતપ્રોત થવાની તથા તમને જે કરવું ગમે છે તે કરવાની જરૂર છે. અન્યોને પ્રભાવિત કરવા વધુ પડતો ખર્ચ ન કરી નાખતા. તમારે બાળકો સાથે કેટલોક સમય વિતાવવાની તથા તેમને સારા મૂલ્યો શીખવવાની તથા તેમને તેમની જવાબદારીની જાણ થાય તેવા પ્રયાસો કરવાની જરૂર છે.

**કુંભ (ગ,શ,સ) :**

આજનો દિવસે લાભદાયક રહેશે. જો આજે તમે પોતાના મિત્રો સાથે ક્યાંક ફરવા જાયી રહ્યા હો તો પૈસા સોચી વિચારી ને ખર્ચ કરો નહીંતર ધન હાનિ થયી શકે છે. પરિવાર, બાળકો તથા મિત્રો સાથે વિતાવેલો સમય તમારી શક્તિ પાછી મેળવવા માટે મહત્વનો છે. આજે તમે કુદરતી સૌંદર્ય દ્વારા અંજાઈ જાવ એવી શક્યતા છે. કામના સ્થળે આજે તમે એક અદભુત વ્યક્તિને મળો એવી શક્યતા છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજે તમારે જીવનસાથીની તબિયત વિશે યોગ્ય દરકાર તથા ધ્યાન આપવું પડશે. જો તમારે જીવન સુગમ રીતે ચલાવવું હોય તો તમારે ધન ના આવાગમન પર ધ્યાન આપવું જોઈએ? ઘરને લગતી બાબતો તથા ઘરના બાકી રહી ગયેલા કામ પૂરાં કરવા માટે અનુકૂળ દિવસ. આજે તમારૂં પ્રિયપાત્ર તમારા અનિશ્ચિત વર્તન સાથે પનારો પાડવામાં ખૂબ જ મુશ્કેલી અનુભવશે.

## ન્યૂઝ બ્રિફ

### ટ્રક રોકીને ડ્રાયવરે મહિલાને ખોળામાં ઉચકી ચાલતી પકડી, નેશનલ હાઈવે ૧૬ની ઘટના

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

ઓડિશાના ભદ્રક જિલ્લાના ચરામપા આઉટ પોસ્ટ વિસ્તારમાં એક મહિલા રસ્તાની બાજુમાં આવેલી દુકાનના વરંડા પાસે એકલી ઉભી હતી. ભારે વરસાદ પડી રહ્યો હતો અને તેણે પલળી ન જાય માટે દુકાનની છત નીચે આશરો લીધો હતો. તેને કદાચ ખ્યાલ નહોતો કે થોડીવારમાં તેનું જીવન ભયાનક વળાંક લેવાનું છે. રાત્રે લગભગ ૯ વાગ્યે એક મોટો ટ્રક ધીમે ધીમે સામે આવીને રોકાયો હતો. ડ્રાઈવર ટ્રકમાંથી ઉતર્યો અને વરંડા પર ઉભેલી મહિલા તરફ જોયું. મહિલાને કદાચ લાગ્યું કે તે દિશા પૂછી રહ્યો છે, પરંતુ અચાનક ડ્રાઈવરે તેને પકડી લીધી અને બળજબરીથી ટ્રક તરફ ખેંચી લીધી. મહિલા જોરથી ચીસો પાડી, મદદ માટે વિનંતી કરી, પરંતુ નજીકમાં કોઈ નહોતું. વરસાદ અને અંધારાએ તેણીની ચીસો દબાવી દીધી. થોડી જ સેકન્ડોમાં આરોપી તેને ટ્રકમાં નાંખીને ભાગી ગયો હતો. આખી ઘટના નજીકના સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી. ફૂટેજમાં સ્પષ્ટપણે દેખાય છે કે મહિલા એકલી ઉભી છે, ત્યારે અચાનક એક ટ્રક ઉભી રહે છે. ડ્રાઈવર બહાર નીકળીને તેની પાસે આવે છે અને પછી તેને લઈ જાય છે. આ વીડિયો ઝડપથી ફેલાઈ ગયો, જેના કારણે વિસ્તારમાં સનસનાટી મચી ગઈ. લોકોમાં ભય સાથે રોષ જોવા મળી રહ્યો છે. ઘટનાની જાણ થતાં જ ભદ્રક ટાઉન પોલીસ સ્ટેશન હરકતમાં આવ્યું છે.

### સરકારી સહાયના નામે મધ્ય પ્રદેશ સરકારે કરી ક્રૂર મજાક

। (એજન્સી) ભોપાલ, તા.૬ ।

મધ્ય પ્રદેશમાં સરકારી સહાયના નામે ભાજપ સરકારે પીડિત પરિવારો સાથે ક્રૂર મજાક કરી છે. ખંડવા જિલ્લામાં પાડલ ફાટામાં દુર્ઘટનાના પીડિતોના પરિવારોને બંધ કવર સોંપતી વખતે મુખ્યમંત્રી મોહન યાદવે ફોટો પડાવ્યો હતો, જ્યારે બીજા દિવસે મંત્રી વિજય શાહે ICUમાં ઘાયલોને બંધ કવર આપ્યું હતું. પરંતુ હવે આ બંધ કવરમાં શું હતું તે જાણીને તમને નવાઈ લાગશે. વાસ્તવમાં ૨ ઓક્ટોબરના રોજ સાંજે ખંડવા જિલ્લાના પંધાના નજીક એક તળાવમાં દુર્ગા મૂર્તિના વિસર્જન દરમિયાન એક ટ્રેક્ટર-ટ્રોલી પલટી જવાથી મોટી દુર્ઘટના સર્જાઈ હતી, જેમાં ૧૧ લોકોના મોત થઈ ગયા હતા. તેમાં મોટાભાગે નાની બાળકીઓ અને કેટલાક યુવાનો હતા. ઘટના બાદ તરત જ મુખ્યમંત્રી મોહન યાદવે મૃતકોના પરિવારજનોને ૪-૪ લાખની આર્થિક સહાય આપવાનો આદેશ આપ્યો હતો. આ સાથે જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ દુર્ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું હતું અને મૃતકોના પરિવારજનોને ૨-૨ લાખ અને ઘાયલોને ૫૦-૫૦ હજારની નાણાકીય સહાયની જાહેરાત કરી હતી. આ ઉપરાંત મુખ્યમંત્રીએ ગંભીર રીતે ઘાયલ થયેલા લોકો માટે ૧ લાખ રૂપિયાની રાહત રકમની જાહેરાત કરી હતી. આમ, મૃતકોના પરિવારજનોને કુલ ૬ લાખ રૂપિયા અને ઘાયલોને દોઢ લાખ રૂપિયા મળવાના હતા. હવે જ્યારે મુખ્યમંત્રી મોહન યાદવ પાડલ ફાટા પહોંચ્યા અને પરિવારના સભ્યો સાથે મુલાકાત કરીને સાંત્વના આપી, ત્યારે તેમણે તેમને બંધ કવર આપ્યા. બધાને લાગ્યું કે, તેમાં જાહેર કરાયેલી ૪ લાખ રૂપિયાની રકમના ચેક હશે. પરંતુ જ્યારે પરિવારના સભ્યોએ ઘરે જઈને કવર ખોલ્યા, ત્યારે તેઓ હેરાન રહી ગયા. કારણ કે, કવરમાં ચેક નહીં પરંતુ માત્ર SDM પંધાનાનો રકમ સ્વીકૃતિ પત્ર હતો. ત્યારબાદ શનિવારે સવારે બીજી એક ઘટના બની જ્યારે રાજ્યના મંત્રી વિજય ખંડવાના જિલ્લા હોસ્પિટલમાં પાડલ ફાટાના ઘાયલોને મળવા માટે ICU પહોંચ્યા.

### ભાજપ નેતાએ ઉઠાવ્યા સવાલ

# દિલ્હીમાં બે વિદેશી કોચ સહિત ૬ લોકોને રખડતાં શ્વાન કરડી ગયા

**આ હડકાયેલા શ્વાને ચાર સુરક્ષાકર્મીને બચકાં ભર્યા હતાં, તેમને હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૦૬ ।

દિલ્હીમાં આયોજિત વર્લ્ડ પેરા એથલેટિક્સ ચેમ્પિયનશીપમાં સુરક્ષા વ્યવસ્થા મામલે મોટી ખામી સર્જાઈ છે. દિલ્હીના જવાહરલાલ નેહરૂ સ્ટેડિયમ પરિસરમાં બે વિદેશી કોચ પર રખડતાં શ્વાનોએ હુમલો કરી દીધો હતો. આ હડકાયેલા શ્વાને ચાર સુરક્ષાકર્મીને બચકાં ભર્યા હતાં. તેમને હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. આ ઘટના બાદ નગર નિગમ સફાળુ જાગ્યું છે. તેણે શહેરમાં રખડતાં શ્વાનોને પકડવાની કામગીરી હાથ ધરી છે. ભાજપના એક નેતાએ આ ડૉગ અટેકની ઘટનાનો વિરોધ કર્યો હતો.ભાજપ નેતા વિજય ગોયલે જણાવ્યું હતું કે, આ ઘટના દેશની શાખ પર ધબ્બા સમાન છે. શું સુપ્રીમ કોર્ટના જજે શ્વાનને રસ્તા પર ખુલ્લા મુકવાનો આદેશ આપ્યો હતો. હવે કોણ જવાબદારી લેશે? દેશ બદનામ થઈ રહ્યો છે. જવાબદાર કોણ? દિલ્હીના જેએલએન સ્ટેડિયમમાં આંતરરાષ્ટ્રીય પેરા એથલેટિક્સ દરમિયાન જાપાન અને કેન્યાના કોચને રખડતાં શ્વાને કરડી લીધું છે.

પહેલી ઘટનામાં કેન્યાના કોચ ડેનિસ મરાગિયા પર સ્ટેડિયમના એરિના નજીક શ્વાને હુમલો કર્યો હતો. તેમના પગ પર ઊંડો ઘા થયો હતો. થોડીવાર બાદ જાપાનના કોચ મેઈકો ઓકુમાત્સુને પણ વોર્મ-અપ ટ્રેક નજીક ટ્રેનિંગ સેશન દરમિયાન શ્વાને અચાનક હુમલો કર્યો હતો. બંને કોચને તાત્કાલિક ધોરણે સ્ટેડિયમના મેડિકલ રૂમમાં પ્રાથમિક ઉપચાર આપવામાં આવ્યો હતો, ત્યારબાદ સફદરજંગ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતાં. હાલ બંનેની સ્થિતિ સ્થિર છે. ઘટના બાદ દિલ્હી સરકારના રમતગમત મંત્રાલય અને નગર નિગમે સંયુક્ત કામગીરી હાથ ધરી છે. એનડીએમસી અને એમસીડીની ટીમ સ્ટેડિયમ પરિસર અને આસપાસના વિસ્તારોમાં રખડતાં શ્વાનને પકડવાનું અભિયાન હાથ ધરાયું છે. ઘટના બાદ તંત્રે સ્ટેડિયમ પરિસરમાં ચાર સ્થાયી ડોગ-કેચિંગ ટીમ, રેપિડ રિસ્પોન્સ યુનિટ અને વાહન તૈનાત કરવામાં આવ્યા છે. ઓર્ગેનાઈઝર કમિટીના સભ્ય અર્ણવ ઘોષે જણાવ્યું હતું કે, એક કેન્યાઈ ખેલાડીને શ્વાન કરડ્યા બાદ ગત મોડી રાત્રે એક સ્પેશિયલ સ્ક્વૉડ તૈનાત કરવામાં આવી છે. જે સ્ટેડિયમમાં રખડતાં શ્વાનને પકડવાની કામગીરી કરી રહી છે. ભારત પ્રથમ વખત વર્લ્ડ પેરા એથલેટિક્સ ચેમ્પિયનશીપની મેજબાની કરી રહ્યું છે. આ ઘટનાએ ભારતની તૈયારીઓ અને ખેલાડીઓની સુરક્ષા પર ગંભીર સવાલો ઉભા કર્યા છે.

## સોનમ વાંગચુકનો જેલથી મેસેજ, લેહ હિંસાની તપાસની માગ

### વાંગચુકની ધરપકડ પર આવતીકાલે SC માં સુનાવણી, સ્વાસ્થ્ય વિશે આપી જાણકારી



। (એજન્સી) લદ્દાખ, તા.૬ ।

ક્લાઈમેટ એક્ટિવિસ્ટ અને ઈનોવેટર સોનમ વાંગચૂકે લેહમાં થયેલી હિંસામાં ૪ લોકોના મોતને લઈને સ્વતંત્ર ન્યાયિક તપાસની માંગ કરી છે. રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવા અને છઠ્ઠી અનુસૂચિ લાગુ કરવાની માંગ સાથે ૨૪ સપ્ટેમ્બરના રોજ થયેલા વિરોધ પ્રદર્શન દરમિયાન હિંસા ફાટી નીકળી હતી. ત્યારબાદ વાંગચુકને રાષ્ટ્રીય સુરક્ષા કાયદા હેઠળ અટકાયતમાં લેવામાં આવ્યા હતા. એ પછી તેમણે લદ્દાખીઓને શાંતિ અને એકતા જાળવવા અને અહિંસક, ગાંધી ચિંધ્યા માર્ગે પોતાનો સંઘર્ષ ચાલુ રાખવા વિનંતી કરી હતી. આ મેસેજ તેમણે તેમના ભાઈ, ત્સેતન દોરજે લે અને વકીલ મુસ્તફા હાજી દ્વારા આપ્યો હતો, જેઓ શનિવારે જોધપુર સેન્ટ્રલ જેલમાં તેમની મુલાકાતે આવ્યા હતા. સોનમ વાંગચુકે જણાવ્યું હતું કે, જ્યા સુધી સ્વતંત્ર તપાસનો આદેશ ન મળે, ત્યાં સુધી હું જેલમાં રહેવા તૈયાર છું. રેમન મેગ્સેસે એવોર્ડ વિજેતા વાંગચુકે લેહ એપેક્સ બોડી અને કારગિલ ડેમોક્રેટિક એલાયન્સની છઠ્ઠી અનુસૂચિ અને રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવાની માંગને સમર્થન આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે, એપેક્સ બોડી લદ્દાખના હિતમાં જે પણ પગલાં લે છે, હું તેમને પૂરા દિલથી સમર્થન આપું છું. નાગરિકોને સંબોધન કરતાં એક પત્રમાં તેમણે લખ્યું છે કે, હું શારીરિક અને માનસિક રીતે સ્વસ્થ છું. દરેકની ચિંતા અને પ્રાર્થનાઓ માટે હું આભાર માનું છું. જે લોકોએ તેમનો જીવ ગુમાવ્યો છે, તેમના પરિવારો પ્રત્યે મારી હૃદયપૂર્વકની સંવેદના છે. જેઓ ઘાયલ થયા છે અથવા કસ્ટડીમાં છે તેમના માટે હું પ્રાર્થના કરું છું. લેહ એપેક્સ બોડી અને કેડીએએ ગૃહ મંત્રાલયના અધિકારીઓ સાથે ૬ ઓક્ટોબરે યોજાનારી વાટાઘાટોમાંથી હટી જવાનો નિર્ણય લીધો છે. બંને સંગઠનોએ ચાર લોકોના મૃત્યુની ન્યાયિક તપાસ અને વાંગચુક સહિત અટકાયતમાં લેવાયેલા તમામ લોકોની તાત્કાલિક અને બિનશરતી મુક્તિની માંગ કરી છે.

### અમૃતસરથી ઉડાન ભરેલી એર ઇન્ડિયાની ફ્લાઇટનું બર્મિંગહામમાં ઇમરજન્સી લેન્ડિંગ

। (એજન્સી) હરિયાણા, તા.૬ ।

અમૃતસરથી બર્મિંગહામ યુનાઈટેડ કિંગડમ જતી એર ઈન્ડિયાની ફ્લાઈટ AI117ને શનિવાર, ૪ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ લેન્ડિંગ દરમિયાન ટેકનિકલ સમસ્યાનો સામનો કરવો પડ્યો. લેન્ડિંગ દરમિયાન RAT આપમેળે એક્ટિવ થઈ ગયું. જોકે, પાઈલટ્સની બુદ્ધિ અને કુશળતાને કારણે, વિમાન બર્મિંગહામ એર પોર્ટ પર સુરક્ષિત રીતે ઉતર્યું. મીડિયા અહેવાલો અનુસાર, એર ઈન્ડિયાએ જણાવ્યું હતું કે વિમાનના તમામ ઈલેક્ટ્રિકલ અને હાઈડ્રોલિક પરિમાણો સામાન્ય હતા અને કોઈ મોટો ભય નહોતો. જોકે, સાવચેતી રૂપે સંપૂર્ણ તકનીકી નિરીક્ષણ માટે વિમાનને ગ્રાઉન્ડ કરવામાં આવ્યું હતું. પરિણામે, તે જ ફ્લાઈટમાં બર્મિંગહામથી દિલ્હી જતી પરત ફ્લાઈટ AI114 રદ કરવી પડી. જોકે, એર ઈન્ડિયા મુસાફરો માટે વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવી રહી છે.

### મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે કરી દીધો ખુલાસો

## બિહાર વિધાનસભાની ચૂંટણી ૨૨ નવેમ્બર પહેલા યોજાશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

બિહાર વિધાનસભાની ચૂંટણીમાં રાજકીય પક્ષો સક્રિય રીતે વ્યસ્ત છે, ત્યારે ચૂંટણી પંચે પણ તેની તૈયારીઓ પૂર્ણ કરી લીધી છે. મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે જણાવ્યું છે કે બિહાર વિધાનસભાની ચૂંટણીઓ ૨૨ નવેમ્બર પહેલા પૂર્ણ થશે, કારણ કે બિહાર વિધાનસભાનો કાર્યકાળ ૨૨ નવેમ્બરે સમાપ્ત થઈ રહ્યો છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે SIR બિહારની જેમ જ દેશભરમાં યોજાશે. મુખ્ય ચૂંટણી કમિશનરે જણાવ્યું હતું કે આ ચૂંટણી માટે કમિશન દ્વારા શરૂ કરાયેલી નવી પહેલ ભવિષ્યમાં દેશભરમાં લાગુ કરવામાં આવશે. બિહારમાં કુલ ૨૪૩ વિધાનસભા બેઠકો છે, અને ચૂંટણીઓ સમયસર યોજાશે. ચૂંટણી પંચની આખી ટીમ બે દિવસથી બિહારમાં સક્રિય છે. આ સમયગાળા દરમિયાન, ટીમે પટનામાં રાજકીય પક્ષો, વહીવટી ચૂંટણી અધિકારીઓ, ઉચ્ચ રાજ્ય વહીવટી અધિકારીઓ, અમલીકરણ એજન્સીઓ, મુખ્ય ચૂંટણી અધિકારી (CEO), વિશેષ પોલીસ નોડલ અધિકારી (SPNO) અને કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળ (CAPF) નોડલ અધિકારીઓ સાથે ચૂંટણીની સંપૂર્ણ તૈયારીઓ સુનિશ્ચિત કરવા માટે બેઠકો યોજી હતી. પત્રકાર પરિષદને સંબોધતા મુખ્ય ચૂંટણી કમિશનરે કહ્યું, "આગામી ચૂંટણીઓ માટે ચૂંટણી પંચ દ્વારા શરૂ કરાયેલી નવી પહેલ હવે સમગ્ર દેશમાં લાગુ કરવામાં આવશે. બિહારમાં ૨૪૩ વિધાનસભા બેઠકો છે. બિહાર વિધાનસભાનો કાર્યકાળ ૨૨ નવેમ્બરના રોજ સમાપ્ત થઈ રહ્યો છે, અને તે પહેલાં ચૂંટણીઓ યોજાશે." તેમણે કહ્યું કે BLOs મતદારોને મળે ત્યારે તેમને વધુ સારી રીતે ઓળખી શકે તે માટે ID કાર્ડ રજૂ કરવામાં આવ્યા છે. મતદાન મથકની બહાર મોબાઈલ ફોન જમા કરાવીને મતદાન કરવું હવે ઉપલબ્ધ છે

### અરબાઝ ખાનની પત્ની શૂરા ખાને બેબી ગર્લને આપ્યો જન્મ

। (એજન્સી) મુંબઈ, તા.૬ ।

બોલિવૂડની પોપ્યુલર ફેમિલીમાંથી એક ખાન પરિવારમાં ખુશીની લહેર ફરી વળી છે. સલમાન ખાનનો ભાઈ અરબાઝ ખાન અને તેની પત્ની શુરા ખાન માતા-પિતા બન્યા છે. શુરા ખાને દીકરીને જન્મ આપ્યો છે. ખાન પરિવારમાં લક્ષ્મીના આગમનથી બધા ખૂબ જ ખુશ છે. દરેક જણ કપલને અભિનંદન પાઠવી રહ્યા છે. અરબાઝ ખાનની પત્ની શૂરા ખાનને શનિવારે સવારે ખારની પીડી હિન્દુજા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. શૂરા ગર્ભવતી છે અને અરબાઝ ફરીથી પિતા બનશે તેવા સમાચાર આવ્યા ત્યારથી પરિવાર બાળકના આગમનની આતુરતાથી રાહ જોઈ રહ્યો હતો. આખરે ૫ ઓક્ટોબરના રોજ, પરિવારને આ ખુશખબર મળી. નોંધનીય છે કે અરબાઝ બીજી વખત પિતા બન્યો છે. તેને તેની પહેલી પત્ની મલાઈકા અરોરાથી એક દીકરો અરહાન ખાન પણ છે.

## યુદ્ધ ખતમ થયાનો ટ્રમ્પનો વધુ એક દાવો પોકળ!, ઈઝરાયલનો ગાઝામાં ભયંકર બોમ્બમારો

। (પીઆઈબી) ગાઝા, તા.૬ ।



ડોનાલ્ડ ટ્રમ્પના યુદ્ધવિરામના શાંતિ પ્રસ્તાવ વચ્ચે ઈઝરાયલ ગાઝામાં વિનાશ વેરી રહ્યું છે. ઈઝરાયલ દ્વારા થયેલા હુમલામાં પેલેસ્ટાઈનના ઓછામાં ઓછા ૭૦ લોકો માર્યા ગયા છે, જેમાં સાત બાળકો સમાવિષ્ટ છે. આ બાળકો બે મહિનાથી આઠ વર્ષ સુધીના હતા. ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે હમાસે કેટલીક શરતો પર સંમતિ આપી હતી. તેથી ઈઝરાયલને તાત્કાલિક ધોરણે હુમલો બંધ કર્યા છે. પરંતુ ઈઝરાયલનો ગાઝા પર આ તાજો હુમલો ટ્રમ્પના દાવાને પોકળ સાબિત કરી રહ્યો છે. વિદેશી મીડિયા રિપોર્ટ અનુસાર, ઈઝરાયલના હુમલામાં સત્તાવાર ધોરણે ૪૫ લોકો માર્યા ગયા છે. થોડા સપ્તાહમાં જ ઈઝરાયલના આક્રમક વલણના કારણે ગાઝાની ૧૦ લાખથી વધુ વસ્તી પ્રભાવિત થઈ છે. ગાઝા શહેરમાંથી લોકો મોટાપાયે સ્થળાંતર કરી રહ્યા છે. તુફાહ નજીક રહેણાંક ઈમારત પર ઈઝરાયલના હુમલાના કારણે ૧૮ લોકો માર્યા ગયા હતાં. ઈઝરાયલે દક્ષિણ ગાઝામાં અલ-માવાસી ખાતે એક શિબિર પર હુમલો કર્યો હતો. દક્ષિણ ગાઝામાં આ હુમલામાં ઓછામાં ઓછા બે બાળકો માર્યા ગયા હતા અને અન્ય આઠ ઘાયલ થયા હતા. ડોનાલ્ડ ટ્રમ્પે યુદ્ધવિરામ માટે શાંતિ પ્રસ્તાવ રજૂ કરતાં જણાવ્યું હતું કે ઈઝરાયલે અસ્થાયી રૂપે હુમલા બંધ કરી દીધા છે. તેમજ હમાસે બંધકોને મુક્ત કરવામાં વિલંબ ન કરવા સલાહ આપી છે, નહીં તો ફરીથી બોમ્બમારો શરૂ થશે. ટ્રમ્પે એમ પણ કહ્યું હતું કે ઈઝરાયલે ગાઝામાંથી તેના સૈનિકો પાછા ખેંચવાની જાહેરાત કરી છે. પરંતુ ઈઝરાયલે ગાઝા પર હુમલા બંધ કર્યા નથી. ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે હમાસે શાંતિ પ્રસ્તાવ સ્વીકાર્યો છે. તેના સ્વીકાર સાથે જ તુરંત જ યુદ્ધવિરામ શરૂ થશે, ત્યારબાદ કેદીઓ અને બંધકોની આપ-લે થશે. હમાસનું કહેવું છે કે ઈઝરાયલે બંધકોના બદલામાં ૨,૦૦૦ પેલેસ્ટિનિયન કેદીઓને મુક્ત કરવા પડશે. ઈઝરાયલી વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ હમાસને તેના શસ્ત્રો સોંપવા કહ્યું છે.

### સંજુ સેમસનની અવગણના કરી હતી

## શ્રીકાંતે ટીમની પસંદગી કરવાના અજિત અગરકરના નિર્ણય પર સવાલ ઉઠાવ્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

ટીમ ઈન્ડિયાના પૂર્વ મુખ્ય પસંદગીકાર કૃષ્ણમાચારી શ્રીકાંતે ઓસ્ટ્રેલિયા પ્રવાસ માટે ભારતીય ટીમની પસંદગી કરવાના અજિત અગરકરના નિર્ણય પર સવાલ ઉઠાવ્યા છે. શ્રીકાંતે સંજુ સેમસનને લઈને અગરકરની ટીકા કરી હતી. સંજુ સેમસનને ઓસ્ટ્રેલિયા સામે ૧૯ ઓક્ટોબરથી શરૂ થનારી ત્રણ મેચની ODI સીરિઝ માટે બેકઅપ વિકેટકીપર તરીકે અવગણના કરી હતી. ઋષભ પંતની ઈજાને કારણે સંજુ સેમસનને ODI ટીમના બેકઅપ વિકેટકીપર સ્થાન માટે દાવેદાર માનવામાં આવતો હતો, કારણ કે KL રાહુલ હવે નિયમિત વિકેટકીપર છે, પરંતુ પસંદગીકારોએ તેના બદલે ધ્રુવ જુરેલને તક આપી છે. અહીં રસપ્રદ વાત એ છે કે,સંજુ સેમસનને ૨૦૨૩ના અંતમાં દક્ષિણ આફ્રિકામાં સીરિજની નિર્ણાયક મેચમાં તેની છેલ્લી ODI મેચમાં સદી ફટકારી હતી, ત્યારબાદ તેને પછીની સીરિઝમાંથી બહાર કરવામાં આવ્યો હતો. સેમસનને બહાર રાખવાના નિર્ણય પર દુઃખ વ્યક્ત કરતા શ્રીકાંતે કહ્યું કે, ૩૦ વર્ષીય ખેલાડીને પહેલા તક આપવી જોઈતી હતી કારણ કે, તે રેન્કિંગમાં આગળ હતો.

# નેપાળમાં કુદરતનું તાંડવઃ ૪૫થી વધુના મોત, અનેક લોકો ગુમ, મોટી સંખ્યામાં પ્રવાસીઓ પણ ફસાયા

**નેપાળમાં ૩૬ કલાકથી વરસી રહેલા મુશળધાર વરસાદે તબાહી મચાવી છે : વરસાદના કારણે ભૂસ્ખલન અને પૂર**

। (એજન્સી) કાઠમંડુ, તા.૬ ।





નેપાળ પર સંકટના વાદળો દૂર થવાનું નામ લઈ રહ્યા નથી. પહેલાં કુત્રિમ (Gen Z હિંસા) અને હવે કુદરતે કહેર માંડ્યો છે. નેપાળમાં ૩૬ કલાકથી વરસી રહેલા મુશળધાર વરસાદે તબાહી મચાવી છે. વરસાદના કારણે ભૂસ્ખલન અને પૂર આવતાં ઓછામાં ઓછા ૪૫ લોકોના મોત થયા છે, અનેક ગુમ છે. પ્રવાસીઓ પણ ફસાયા છે. તેમને સુરક્ષિત સ્થળે સ્થળાંતરિત કરવામાં આવ્યા છે. પોલીસના પ્રવક્તા બિનોદ ઘિમિરે જણાવ્યું હતું કે, જુદા-જુદા સ્થળો પર ભૂસ્ખલનના કારણે અનેક લોકોએ જીવ ગુમાવ્યા છે. ૧૩ લોકો ઈજાગ્રસ્ત છે. દક્ષિણ નેપાળમાં વીજળી પડતાં ત્રણ લોકોના મોત થયા છે.

એનડીઆરઆરએમએના પ્રવક્તા શાંતિ મહતે જણાવ્યું હતું કે, પૂરના કારણે ૧૧ લોકો વહી ગયા છે. તેમની શોધખોળ ચાલુ છે. ખરાબ હવામાનના કારણે રાહત અને બચાવ કામગીરીમાં અડચણ આવી રહી છે. આજે સવાર સુધીમાં સૂર્યોદય મ્યુનિસિપાલિટીમાં ભૂસ્ખલનમાં ઓછામાં ઓછા પાંચ, માંગસેબુંગ મ્યુનિસિપાલિટીમાં ત્રણ અને પૂર્વીય ઈલમમાં ૨૮ લોકોના મોત થયાના અહેવાલ છે. વહીવટીતંત્રે રાહત કામગીરી શરૂ કરી છે.

પૂર અને ભૂસ્ખલનના કારણે નેપાળના ઉદયપુરમાં બે, રૌતહટમાં ૩, રસુવામાં ૪, અને કાઠમાંડૂમાં ૧ વ્યક્તિનું મોત થયુ છે. જુદી-જુદી દુર્ઘટનામાં ખોટાંગ, ભોજપુર, રૌતહટ તથા મકવાનપુર જિલ્લામાં વીજ પડતાં આઠ લોકો ઈજાગ્રસ્ત થયા છે. પંચથર જિલ્લામાં માર્ગ અકસ્માતમાં છના મોત થયા હતાં. પૂર્વીય નેપાળમાં રેડ ઝોન જાહેર કરવામાં આવ્યું છે. નેપાળની કોસી બૈરાજ નદીના તમામ ૫૬ દરવાજા ખોલવામાં આવ્યા છે. વિસ્તારના એસએસપી પોખરેલે મીડિયા સાથે વાત કરતા જણાવ્યું હતું કે આ આપત્તિમાં મૃત્યુઆંક વધી શકે છે. હાલમાં નુકસાનની સમીક્ષા થઈ રહી છે. અત્યાર સુધીમાં મારી પાસે નુકસાન અને નુકસાનની માત્ર પ્રાથમિક વિગતો છે. બચાવ કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે.

ત્રણેય સ્તરની સુરક્ષા એજન્સીઓ (નેપાળ આર્મી, સશસ્ત્ર પોલીસ દળ અને નેપાળ પોલીસ સહિત) અસરગ્રસ્ત વિસ્તારોમાં તૈનાત કરવામાં આવી છે. નેપાળના આ વિસ્તારોમાં હજી વધુ ભારેથી અતિભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. નદીઓમાં પૂર આવ્યું છે. કાઠમંડુ ખીણમાં પૂરના મેદાનોમાંથી રહેતાં લોકોને બહાર કાઢી સુરક્ષિત સ્થળે મોકલવામાં આવ્યા છે.

સુરક્ષા એજન્સીઓએ શનિવારે ખીણમાંથી વહેતી બધી મુખ્ય નદીઓ પર વસાહતોમાં શોધ કામગીરી શરૂ કરી. તેમણે ઘરે ઘરે જઈને શોધખોળ હાથ ધરી, રહેવાસીઓને સ્થળાંતર કરવામાં અને તેમના સામાનને સુરક્ષિત સ્થળોએ લઈ જવામાં મદદ કરી. નેપાળના જળવિજ્ઞાન અને હવામાન વિભાગે બાગમતી, હનુમંતે, મનોહરા, ધોબી ખોલા, વિષ્ણુમતી, નખ્ખુ અને બાલ્ખુ નદીઓમાં પાણીના સ્તરમાં વધારો થવાની જાણ કરી છે.

## ઉદ્યોગપતિ રાજિન્દર ગુપ્તાને રાજ્યસભામાં મોકલવાની તૈયારી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

આમ આદમી પાર્ટીએ પંજાબમાંથી રાજ્યસભા પેટાચૂંટણી માટે પોતાના ઉમેદવારની જાહેરાત કરી છે. આ વખતે અરવિંદ કેજરીવાલને નહીં, પરંતુ ઉદ્યોગપતિ રાજિન્દર ગુપ્તાને રાજ્યસભામાં મોકલવાની તૈયારી કરી છે. પંજાબમાંથી એક રાજ્યસભા બેઠક માટેની પેટાચૂંટણી ૨૪ ઓક્ટોબરે યોજાશે. આ ચૂંટણીમાં આમ આદમી પાર્ટીની રાજકીય બાબતોની સમિતિએ સર્વાનુમતે રાજિન્દર ગુપ્તાના નામાંકનને મંજૂરી આપી હતી. ગુપ્તા પંજાબ આયોજન બોર્ડના ઉપાધ્યક્ષ હતા, પરંતુ તેમણે એક દિવસ પહેલા જ પોતાના પદ પરથી રાજીનામું આપ્યું હતું.

રાજિન્દર ગુપ્તાને ૨૦૨૨માં પંજાબ પ્લાનિંગ બોર્ડમાં સામેલ કરવામાં આવ્યા હતાં. સાંસદ સંજીવ અરોડા લુધિયાણા વેસ્ટ પેટાચૂંટણીમાં જીત્યા બાદ રાજ્યસભાની પંજાબની બેઠક ખાલી થઈ હતી. જ્યારે તેમને લુધિયાણા વેસ્ટમાંથી ઉમેદવાર તરીકે જાહેર કરવામાં આવ્યા, ત્યારે વિપક્ષોને અપેક્ષા હતી કે, અરવિંદ કેજરીવાલ રાજ્યસભા જશે. પરંતુ હવે તેમણે પોતે ઉમેદવારી નોંધાવાના બદલે ઉદ્યોગપતિ રાજિન્દર ગુપ્તાનું નામ જાહેર કર્યું છે.

કેજરીવાલે કહ્યું હતું કે તેઓ નહીં લડે. પંજાબમાં સાત રાજ્યસભા બેઠકો છે, જેમાંથી છ બેઠકો આમ આદમી પાર્ટીના સાંસદો પાસે છે. હરભજન સિંહ, સંત બલબીર સિંહ, અશોક કુમાર મિત્તલ, સંદીપ પાઠક અને વિક્રમજીત સિંહ સાહની પંજાબમાંથી રાજ્યસભા સાંસદ છે. રાજ્યસભામાં ગુપ્તાનો પ્રવેશ નિશ્ચિત છે, કારણ કે આમ આદમી પાર્ટી પાસે ૧૧૭ બેઠકની વિધાનસભામાં ૯૩ ધારાસભ્યો છે. રાજ્યસભાની ચૂંટણી જીતવા માટે માત્ર ૬૦ મતની જરૂર છે. તેથી, ગુપ્તાની જીત નિશ્ચિત છે.

ગુપ્તાએ અકાલી દળમાંથી રાજકારણમાં પ્રવેશ કર્યો હતો. તેમણે અકાલી દળ અને ભાજપ સરકાર દરમિયાન અનેક મહત્વપૂર્ણ હોદ્દા સંભાળ્યા છે. તેમની કંપની ટ્રાઈડેન્ટનું વાર્ષિક ટર્નઓવર રૂ. ૫,૦૦૦ કરોડથી વધુ છે. કંપની કોટન પેપર, બેડશીટ અને ટુવાલ જેવા ઉત્પાદનોનું ઉત્પાદન કરે છે. એક સામાન્ય પરિવારમાં જન્મેલા રાજિન્દર ગુપ્તા પાસે કોઈ વ્યવસાયિક પૃષ્ઠભૂમિ નહોતી.

નવમા ધોરણનો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ તેમણે એક ફેક્ટરીમાં નોકરી કરી હતી. ઘણા વર્ષો નાની-મોટી નોકરી કર્યા બાદ તેમણે ૧૯૮૫માં ૬.૫ કરોડના રોકાણનું મોટુ જોખમ લીધું અભિષેક ઈન્ડસ્ટ્રીઝ નામથી ખાતર ફેક્ટરી સ્થાપી હતી. આ કંપની પાછળથી ટ્રાઈડેન્ટ તરીકે પ્રચલિત અને વિકસિત થઈ. ફોર્બ્સ અનુસાર, તેઓ ૧.૩ અબજ ડોલરની નેટવર્થ ધરાવે છે. આ ઉપરાંત, તેમની કંપનીના ઉત્પાદનોની ૧૫૦થી વધુ દેશોમાં નિકાસ થાય છે. ગુપ્તાએ અકાલી દળમાંથી રાજકારણમાં પ્રવેશ કર્યો હતો. તેમણે અકાલી દળ અને ભાજપ સરકાર દરમિયાન અનેક મહત્વપૂર્ણ હોદ્દા સંભાળ્યા છે. તેમની કંપની ટ્રાઈડેન્ટનું વાર્ષિક ટર્નઓવર રૂ. ૫,૦૦૦ કરોડથી વધુ છે. કંપની કોટન પેપર, બેડશીટ અને ટુવાલ જેવા ઉત્પાદનોનું ઉત્પાદન કરે છે. એક સામાન્ય પરિવારમાં જન્મેલા રાજિન્દર ગુપ્તા પાસે કોઈ વ્યવસાયિક પૃષ્ઠભૂમિ નહોતી. નવમા ધોરણનો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ તેમણે એક ફેક્ટરીમાં નોકરી કરી હતી. ઘણા વર્ષો નાની-મોટી નોકરી કર્યા બાદ તેમણે ૧૯૮૫માં ૬.૫ કરોડના રોકાણનું મોટુ જોખમ લીધું અભિષેક ઈન્ડસ્ટ્રીઝ નામથી ખાતર ફેક્ટરી સ્થાપી હતી. આ કંપની પાછળથી ટ્રાઈડેન્ટ તરીકે પ્રચલિત અને વિકસિત થઈ. ફોર્બ્સ અનુસાર, તેઓ ૧.૩ અબજ ડોલરની નેટવર્થ ધરાવે છે.

### વેપારીઓ GSTને કારણે આડા ફાટ્યા

# ગુજરાતમાં ઈસબગુલની ખેતી કરનારા ખેડૂતો મુશ્કેલીમાં મૂકાયા

। (એજન્સી) મહેસાણા, તા.૬ ।

જીએસટી મામલે ઊંઝા સહિત ભારતભરના વેપારીઓ દ્વારા ઈસબગુલની ખરીદી બંધ કરી છે, જેને લઈ વેપારીઓની GST વિરોધમાં હડતાળથી ખેડૂતો મુશ્કેલીમા મૂકાયા છે અને માલ લઈને પરત ફરી રહ્યા છે.



ઊંઝા સહિત સમગ્ર ઉત્તર ગુજરાત અને ભારતભરના ઈસબગુલના વેપારીઓએ આજથી ઈસબગુલની ખરીદી બંધ કરવાનો નિર્ણય લીધો છે. વેપારીઓએ ઈસબગુલ પર લાગતા ૫ ટકા GSTને સંપૂર્ણપણે દૂર કરવાની માંગ સાથે આ અનિશ્ચિતકાળની હડતાળ શરૂ કરી છે. જેના કારણે ઊંઝા માર્કેટ યાર્ડ સહિતના બજારોમાં સન્નાટો છવાઈ ગયો છે. વેપારીઓની મુખ્ય માંગ ઈસબગુલ Seed પર લાગતા ૫ ટકા GSTને રદ કરાવવાની છે. વેપારીઓના જણાવ્યા મુજબ, ૨૦૧૭ માં GST લાગુ થયો તે પહેલાં ઈસબગુલ જીીદ્ધ પર કોઈ ફછ્ (વેલ્યુ એડેડ ટેક્સ) લાગતો નહોતો. જોકે, GST લાગુ થયા બાદ, HSN કોડ ૧૧૧૨ માં ઈસબગુલ Seed નો સ્પષ્ટ ઉલ્લેખ કે ચોખવટ ન હોવાને કારણે વેપારીઓને ૫ ટકા ટેક્સ ભરવો પડે છે. વેપારીઓનો તર્ક છે કે HSN કોડમાં 'ફ્રેશ' અને 'ડ્રાય' ઈસબગુલ વચ્ચે કોઈ ચોખવટ કે તફાવત કરવામાં આવ્યો નથી, જેના કારણે આ ટેક્સની સમસ્યા ઊભી થઈ છે. આ ૫ ટકા ટેક્સ રદ કરવાની માગ સાથે મહેસાણા ઈસબગુલ ના એસોશિયન ના નેતૃત્વ હેઠળ ભારતભરના વેપારીઓ આ મુહિમમાં જોડાયા છે. વેપારીઓના આ અચાનક નિર્ણયને કારણે ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. ઊંઝા માર્કેટ યાર્ડમાં આજે સવારે કેટલાક ખેડૂતો પોતાનો ઈસબગુલનો તૈયાર માલ લઈને પહોંચ્યા હતા. પરંતુ ખરીદી સંપૂર્ણપણે બંધ હોવાને કારણે ખેડૂતોનો માલ કોઈ ખરીદનાર મળ્યો નહોતો, જેના કારણે તેઓને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.અને માલ લઈ પરત ફરવા મજબુર બન્યા હતા ખેડૂતો પાસે માલ પરત લઈ જવા ભાડું પણ ન હોવાથી ભારે મુશ્કેલીમાં મૂકાયા છે.જ્યાં સુધી સરકાર દ્વારા ઈસબગુલ Seed પર લાગતો ૫ ટકા GST રદ કરવા અંગે કોઈ સકારાત્મક નિર્ણય લેવામાં નહીં આવે, ત્યાં સુધી વેપારીઓ દ્વારા ખરીદી બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે. વેપારીઓની આ હડતાળને કારણે કરોડો રૂપિયાના વાર્ષિક વેપાર પર અસર પડી છે અને ખેડૂતોની ચિંતામાં પણ વધારો થયો છે. જ્યાં સુધી સરકાર દ્વારા ઈસબગુલ Seed પર લાગતો ૫ ટકા GST રદ કરવા અંગે કોઈ સકારાત્મક નિર્ણય લેવામાં નહીં આવે, ત્યાં સુધી વેપારીઓ દ્વારા ખરીદી બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે.

### સંબંધીના ઘરની બહાર ટ્રકે ટક્કર મારી

# દીકરી હાથમાં લગ્નની મહેંદી લાગે તે પહેલા પિતાનું મોત

। સુરત, તા.૦૬ ।

દીકરીની લગ્ની ખરીદી કરવા મહારાષ્ટ્રથી સુરત આવેલા પિતા પર કાળ ફરી વળ્યું હતું. સંબંધીના ઘરની બહાર ઉભા હતા, ત્યારે જ કાળમુખી ટ્રકે તેમને ટક્કર મારી હતી. જ્યાં પિતાનું કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું. ત્યારે પરિવાર પર આભ તૂટી પડ્યું હતું. જ્યાં થોડા દિવસોમાં લગ્નનો માંડવો બંધાવાનો હતો, જ્યાં દીકરીના લગ્નની શરણાઈઓ વાગવાની હતી, જ્યાં લગ્ન ગીતો ગાવાના હતા, ત્યાં હવે મરશીયા ગાવાનો વારો આવ્યો છે. એક દીકરીના લગ્ન માટે પિતાને કેટકેટલા અરમાનો હોય, પરંતુ પરિવારના તમામ અરમાનો પર પાણી ફરી વળ્યું હતું. કારણ કે, દીકરીના લગ્ન પહેલા પિતાનું અકસ્માતમાં મોત નિપજ્યું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર, મહારાષ્ટ્રના ધુલિયામાં રહેતા ૪૫ વર્ષીય શરદ પાટીલનીદીકરીનાલગ્નદોઢમહિનાબાદલેવાયાહતા.તેમનેપરિવારમાં પત્ની, દીકરી અને દીકરો છે. ત્યારે દીકરીના લગ્ન હોવાથી તેઓ પરિવાર સાથે સુરત લગ્નની ખરીદી કરવા આવ્યા હતા. તેઓ સુરતના લિંબાયત વિસ્તારમાં રહેતા સંબંધીના ઘરે આવ્યા હતા. ત્યારે તેમનો પરિવાર સંબંધીના ઘરમાં હતો, અને શરદભાઈ બહાર ઉભા હતા. આ સમયે એક આશયર ટ્રક પૂરઝડપે ત્યા આવી ચડ્યો હતો. આઈસર ટ્રકના ચાલકે પૂરઝડપે ગાડી દોડાવીને શરદભાઈને ટક્કર મારી હતી. જેથી શરદભાઈને શરીર પર ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમને ઈજાગ્રસ્ત હાલતમાં હોસ્પિટલમાં લઈ જવાયા હતા.

# વિકસિત ભારતનો અમૃતકાળ : સેવા, સુશાસન, ગરીબ કલ્યાણના ૨૪ વર્ષ




૭ ઓક્ટોબર, ૨૦૦૧ એ ભારતના રાજકારણના ઈતિહાસમાં મહત્વપૂર્ણ દિવસ હતો, જ્યારે શ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા. સંઘના સ્વયંસેવકથી લઈને ભાજપના સંગઠનના કાર્યકર સુધીની સફર બાદ, ૫૧ વર્ષની ઉંમરે તેમણે પ્રથમ વખત રાજ્યનું સુકાન સંભાળ્યું. વિનાશક ભૂકંપ, મંદી અને અશાંતિમાં ઘેરાયેલું ગુજરાત તેમને વારસામાં મળ્યું, પરંતુ થોડાં જ મહિનાઓમાં તેમની વહીવટી કુશળતા, દ્રઢ નેતૃત્વ અને દૂરંદેશીપૂર્ણ વિચારસરણીના પરિણામે ગુજરાતમાં પરિવર્તનની શરૂઆત થઈ. શ્રી નરેન્દ્ર મોદીએ મુખ્યમંત્રી તરીકે રાજ્યના સર્વાંગી વિકાસ માટે સુશાસન, પારદર્શિતા અને જવાબદારીના સિદ્ધાંતોને કેન્દ્રમાં રાખીને શાસનનું નવું મોડલ વિકસાવ્યું. પંચામૃત દર્શન — જનશક્તિ, જળશક્તિ, જ્ઞાનશક્તિ, ઊર્જાશક્તિ અને રક્ષાશક્તિ — પર આધારિત વિકાસમોડલ દ્વારા તેમણે ગુજરાતને રાષ્ટ્રીય અને વૈશ્વિક સ્તરે "વાઈબ્રન્ટ સ્ટેટ" તરીકે સ્થાપિત કર્યું. 'વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ', 'સ્વાગત' ઓનલાઈન ફરિયાદ નિવારણ પ્લેટફોર્મ, 'શાળા પ્રવેશોત્સવ', 'કન્યા કેળવણી રથયાત્રા', 'કૃષિ મહોત્સવ', 'ખેલ મહાકુંભ' જેવી પહેલોએ લોકોમાં વિકાસ માટેની ભાગીદારીની ભાવના ઊભી કરી. વર્ષ ૨૦૧૪માં ભારતના વડાપ્રધાન બન્યા બાદ શ્રી મોદીએ ગુજરાત મોડલને રાષ્ટ્રીય સ્તરે વિસ્તૃત કર્યું. "સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ, સબકા પ્રયાસ"ના સૂત્ર સાથે તેમણે સમાવેશી વિકાસ અને આત્મનિર્ભર ભારતનું વિઝન રજૂ કર્યું. પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના, સ્વચ્છ ભારત અભિયાન, નલ સે જલ અને ખેલો ઈન્ડિયા જેવી યોજનાઓ તેમની લોકકેન્દ્રિત દૃષ્ટિની સાક્ષી છે. ભારતે વર્ષ ૨૦૨૩માં જી-૨૦ દેશોની અધ્યક્ષતા કરી, જે તેની આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠાનું પ્રતિબિંબ છે. વડાપ્રધાન તરીકેના છેલ્લા ૧૧ વર્ષોમાં ભારતે વિશ્વની ચોથી સૌથી મોટી અર્થવ્યવસ્થા તરીકે સ્થાન મેળવ્યું છે. સંરક્ષણ, ઉડ્ડયન, ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, રેલવે અને બંદરોનો વિકાસ, વગેરે ક્ષેત્રોમાં અવિરત પ્રગતિ થઈ છે. વૈશ્વિક સ્તરે 'વેક્સીન મૈત્રી' અને 'ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સ' જેવી પહેલોથી ભારતની કૂટનીતિને નવી ઓળખ મળી છે. ઉરી સર્જિકલ સ્ટ્રાઈક, પુલવામા એર સ્ટ્રાઈક અને પહેલગામ હુમલાના વળતા જવાબ તરીકે ઓપરેશન સિંદૂર ચલાવીને વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ દેશના સૈન્યની તાકાતનો પરચો સમગ્ર વિશ્વને આપ્યો છે. શ્રી નરેન્દ્ર મોદીએ ૧૩ વર્ષ ગુજરાતના મુખ્યમંત્રી અને ત્યારબાદ વડાપ્રધાન તરીકેના ૧૧ વર્ષના નેતૃત્વથી વિકાસવાદી રાજકારણને નવો અર્થ આપ્યો છે. ૨૪ વર્ષની આ યાત્રા ભારતના આત્મવિશ્વાસ, પ્રગતિ અને વૈશ્વિક નેતૃત્વના નવા યુગનું પ્રતીક બની છે. પ્રસ્તુત છે, ગુજરાતના મુખ્યમંત્રી તરીકે તેમણે કરેલા કાર્યો અને વિવિધ ક્ષેત્રોમાં શરૂ કરેલી યોજનાઓ અને કાર્યક્રમોની એક ઝલક:

ગુજરાતને મળેલી મોટી ભેટ

- કેન્દ્રીય શહેરી બાબતોના મંત્રાલય હેઠળ લાઈટ હાઉસ પ્રોજેક્ટ માટે ગુજરાતના રાજકોટ શહેરની પસંદગી, આ પ્રોજેક્ટ હેઠળ રાજકોટમાં ૧૧૪૪ આવાસોનું નિર્માણ.
- ગિફ્ટ સિટીમાં ભારતના પ્રથમ ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસિસ સેન્ટર ઓથોરિટી (IFSCA) ના મુખ્યાલયની ઈમારતનો શિલાન્યાસ.
- GIFT સિટી ખાતે ઈન્ડિયા ઈન્ટરનેશનલ બુલિયન એક્સચેન્જ (IIBX)
- ભરૂચમાં બલ્ક ડ્રગ પાર્કનો શિલાન્યાસ.
- નવસારીમાં PM મિત્ર પાર્ક (ટેક્સટાઈલ પાર્ક)નો શિલાન્યાસ.
- ગુજરાતમાં ભાવનગર ખાતે વિશ્વના પ્રથમ સીએનજી ટર્મિનલ પોર્ટનો શિલાન્યાસ.
- અમદાવાદ ખાતે વિશ્વના સૌથી મોટા નરેન્દ્ર મોદી સ્ટેડિયમનું નિર્માણ.
- દાહોદ ખાતે 'મેક ઈન ઈન્ડિયા'ના અભિગમ સાથે □૨૦ હજાર કરોડના ખર્ચે રેલવે પ્રોડક્શન યુનિટનું લોકાર્પણ.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ મે ૨૦૨૫માં ૯૦૦૦ HPનું પ્રથમ લોકોમોટિવ એન્જિન દેશને સમર્પિત કર્યું.
- ગુજરાત સરકારના વિવિધ વિભાગો હેઠળ રાજ્યની જનતા માટે □૩૩,૬૦૦ કરોડના વિવિધ વિકાસકાર્યોનું વડાપ્રધાનશ્રીના હસ્તે લોકાર્પણ અને ખાતમુહૂર્ત.

શિક્ષણના સથવારે સર્વાંગી વિકાસ

- શાળા પ્રવેશોત્સવ, કન્યા કેળવણી રથયાત્રા અને ગુણોત્સવ જેવાં અભિયાનો થકી શાળાઓમાં બાળકોનું ઐતિહાસિક નામાંકન
- શ્રી નરેન્દ્ર મોદીએ પોતાને મળેલી ભેટ-સોગાદોની હરાજી કરાવીને તેમાંથી મળેલી રકમ કન્યાઓના શિક્ષણ ભંડોળમાં દાનમાં આપી
- કન્યા કેળવણી યોજનાને ઉત્તેજન આપવા માટે વર્ષ ૨૦૦૭માં કન્યા કેળવણી નિધિ યોજનાની જાહેરાત.
- રાજ્યમાં દેશનું પ્રથમ વિશ્વ સ્તરીય કમાન્ડ અને કંટ્રોલ સેન્ટર 'વિદ્યા સમીક્ષા કેન્દ્ર' શરૂ કરવામાં આવ્યું.
- વર્ષ ૨૦૦૨માં રાજ્યમાં ધોરણ ૧ થી ૮ નો સ્કૂલ ડ્રોપઆઉટ રેટ ૩૭.૨૨ ટકા હતો, જે આજે ૨.૪૨ ટકા થયો
- ૨૪ વર્ષ પહેલાં રાજ્યમાં ૨૧ યુનિવર્સિટી કાર્યરત હતી, જ્યારે હાલમાં ૧૦૮ યુનિવર્સિટી કાર્યરત.
- સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ અને ઈનોવેશન પોલિસી દ્વારા ગુજરાતની યુવા પ્રતિભાઓના ઈનોવેશનને નાણાકીય સહાય અને યોગ્ય પ્લેટફોર્મ
- સેક્ટર સ્પેસિફિક યુનિવર્સિટીઓની સ્થાપના: ચિલ્ડ્રન યુનિવર્સિટી, રક્ષાશક્તિ યુનિવર્સિટી, ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી, બાયોટેક્નોલોજી યુનિવર્સિટી, રેલવે યુનિવર્સિટી (વડોદરા), ગુજરાત મેરિટાઈમ યુનિવર્સિટી, ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી (જીટીયુ), ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન (IITE), ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી.

